# પ્રતિક્ષાની ક્ષિતિજો
# (ઇન્તેઝારની હદ)

કુછ કફસકી તેલીયોંસે છન રહા હય નૂર સા
કુછ ફીઝાં કુછ હસરતે પરવાઝ કી બાતેં કરો

ઉજ્જડ દુનિયા ઉપર અંધકાર છવાએલો છે... વાતાવરણમાં ચૂપકીદી છે.... પરંતુ ક્યારેક.. એવી પળો પણ આવે છે જ્યારે કોઇ અજવાળિયું ખુલી જાય છે.... પીંજરાના સળીયામાંથી અથવા કોઇ દિવાલની તીરાડમાંથી પેલી તરફના બગીચાના પ્રકાશના કિરણોની ઝલક ઉભરે છે....

અને..... પછી તે તરફનું દ્રશ્ય પણ અજબ છે. ગુલાબી દિવાલોની હારમાળા.... ભૂરૂં આકાશ.. સ્વચ્છ અને નિર્મળ પાણીની વહેતી નદી... ખુશીથી ઝુલતા હર્યાભર્યા વૃક્ષો... જમીન ઉપર ગાલીચાની જેમ પથરાએલી વનરાજી....

.... અને અહીં શું છે ? માત્ર ફૂંફાડા મારતો બિહામણો અંધકાર... દંભના કાળા પડછાયા.... જમાનાના ગુલામ લોકો..... દુકાળની પાયમાલી... થાક.... બદકિસ્મતી, દુઃખ અને દર્દનું માનસિક દબાણ... ઇલ્મના ઘમંડનો સાશનકાળ.... ચિંતન-મનની અજ્ઞાનતા... લાંબી ગયબત..... દુર સુધી પથરાળો કિનારો..... તોહમત પક્ષપાત..... ઘમંડ..... હલકાઇ..... દર્દ અને ગમ..... કણસતા અવાજો.....

અને પછી..... આ બાજુ આશાઓના તરંગો.....ઇમાનનો પ્રકાશ.....વિનમ્રતા.....સર્જનનું સૌદર્ય..... માનસન્માન અને મોહબ્બત.....ચમક દમક..... ચળકાટ જ ચળકાટ..... પરોઢનો ઉદય..... ઝહુરની શાનો શવકત-વાતાવરણમાં લહેરાતા ન્યાયના ઝંડાઓ..... સુરક્ષા અને શાંતિનો ઠંડો છાંયડો..... જીવનની તાજગી..... જાણે કે આ નક્શાઓ આંખોમાં વસી ગયા છે.

ભવ્ય અને ઉચ્ચ હસ્તીઓએ..... તે બારીઓ..... અને ..... તે રોશનદાનીના પટ ખોલી નાખ્યા છે, જેથી દિલમાં કાળાશ ધરાવતા નાસ્તિક લોકોની સામે..... પ્રતિક્ષાની ક્ષિતિજની તસ્વીરો ઝળહળી ઉઠે.

અફસોસ ! મને ખબર હતે કે તે કઇ જગ્યા છે કે જ્યાંની જમીન આપની કદમબોસીનું માન મેળવી રહી છે.

# ઈમામે ઝમાના અલયહિસ્સલામની સાથે મોહબ્બત

મોહબ્બત જાહેર રીતે એક એવો શબ્દ છે કે જેનો ઉપયોગ ઘણો વધુ થાય છે. દુનિયાની કોઇપણ વ્યક્તિ એવી નથી કે જે આ શબ્દથી, તેના અર્થ અને હેતુથી અજાણ હોય. એવું કોણ છે જેની જીભ ઉપર મોહબ્બત શબ્દ બોલાતો ન હોય. એવું કોઇ નથી. તે સાચું છે, પરંતુ તેના મૂળ અર્થ અને હકીકત ઉપર ઘણાં ઓછા લોકો ચિંતન અને મનન (વિચાર) કરે છે. તેનું કારણ એ છે કે મોહબ્બતનો સમયકાળ જુદો જુદો હોય છે. આ એક એવી વસ્તુ છે કે જે વધે પણ છે અને ઘટે પણ છે. જો તે સંકોચાઇ તો વાળ કરતાં પણ વધુ બારીક અને ફેલાઇ તો ક્ષિતિજમાં છવાઇ જાય. આ કઠણ હોય તો એટલી કે હીરાનું હૃદય બની જાય અને નરમ હોય તો ફુલની પાંદડી. તે ધારે તો હીરાનું હૃદય ચીરી નાખે. તે રડાવે પણ છે અને હસાવે પણ છે. તેનો અવાજ ક્યારેક લડાઇના નગારાની જેમ ધમધમે છે, તલ્વાર અને નેઝાના ખણખણાટથી ગાજે છે તો ક્યારેક સુખ અને શાંતિની લયમાં ગુંજી ઉઠે છે. પથ્થરો તેના ગીત ગાય છે, વનરાજી તેની તરફ લળી પડે છે, બગીચાના પક્ષીઓ તેના માદક કેકારવથી વાતાવરણને ખુબસુરતીનો ઓપ આપે છે. ટૂંકમાં એ પણ કહેવાય કે મોહબ્બતના પરિસ્તાનની નફરતની ગર્જનાથી મુંજીઓની રૂહ પણ ફના થઇ જાય છે. તેના ઉદાહરણ રૂપે ''નજમુસ સાકીબ''માંથી એક પ્રસંગનું વર્ણન છે. એક વખત એક વેપારીના કઝાક કુટુંબ સાથે સંબંધ ધરાવનાર સમૂહના લોકો રેગીસ્તાનમાં ભુલા પડી ગયા. તેઓ રસ્તાની શોધખોળમાં થાકીને લોથપોથ થઇ ગયા હતા. તેમણે એક ટેકરીની ટોચ ઉપરથી ધુમાડો નીકળતો જોયો. તે લોકો તે તરફ ગયા તો જોયું કે એક કાફલો તંબુમાં છે. તે કબીલાનો સરદાર ખૂબજ રૂઆબદાર અને મહેરબાન છે. તે લોકોની દરખાસ્ત ઉપર દસ્તરખ્વાન બીછાવવામાં આવ્યું. જ્યારે તે લોકો ભરપેટ જમીને જવા લાગ્યા ત્યારે તેઓની નિય્યત ખરાબ થઇ ગઇ. તે લોકો કાફલાનો માલ સામાન લુંટવા માટે પાછા ફર્યા. કાફલાના સરદારે મ્યાનમાંથી તલ્વાર ખેંચીને જમીન ઉપર એક લીટી દોરી અને ધાક પડી જાય તેવા અંદાજથી પડકાર કર્યો કે જો કોઇએ આ લીટીને ઓળંગીને આવવાની હિંમત કરી તો માથા ધડથી જુદા થઇ જશે. તે અવાજમાં એટલી શક્તિ હતી કે કઝાક તેઓની સવારી ઉપરથી પડી ગયા. મારા મા-બાપ કુરબાન આ મહેરબાન મેઝબાન ઉપર જેના પડકારથી કઝાકીઓના દિલો થથરી જાય છે. યા મુન્તકમે ખુને હુસયન! (એ ખૂને હુસયનનો બદલો લેવાવાળા)

ટૂંકમાં મોહબ્બત એક ઘુંઘવતો મહાસાગર છે. તેની પ્રચંડ લહેરોના ઘૂંઘવાટ ઉપર કાદીરે મુત્લકે માનવીને સત્તા અર્પણ કરી છે. ચાહે તો તે આ ઘૂંઘવાટને ગીતની દિલનશી લયમાં ઢાળી દે. પરંતુ આ બધું ત્યારેજ શક્ય છે કે જ્યારે માનવીના અસ્તિત્વની વિશાળ અને પહોળી દુનિયા ઉપર મોહબ્બતની ઓળખનો સૂર્ય ઉદય પામે.

તેનો અર્થ એ છે કે મોહબ્બતના ઘણા પ્રકારો અને દરજ્જાઓ છે. તેના તબક્કાઓ છે. તેનો માર્ગ છે. તેના દરવાજાઓ છે. દરેક દરવાજાથી દાખલ થયા પછી એક ખીણ છે. તેની પોતાની વિશાળતા છે. તેનું પોતાનું વાતાવરણ છે. પોતાનો સમાજ છે. પોતાની રીત છે.અને પોતાનું ચલણ છે. તેથી ઇમામે ઝમાના અલયહિસ્સલામની સાથે મોહબ્બતના માટે એ નક્કી કરવું પડશે કે કઇ રીતે અપનાવવી? આગળ પાછળનો કેવો માહોલ છે. જેના વાતાવરણમાં શ્વાસ લઇએ? મોહબ્બતની યાદીમાં દાખલ થવા માટે ક્યા દરવાજેથી દાખલ થઇએ? તેના માર્ગ ઉપર ચાલવા માટે પોતાની હિંમત અને શક્તિ કેટલી છે ? તેનો કયાસ કાઢે. તેના તબક્કાઓ કેટલા છે, કેટલા કઠણ છે અને કેટલા આરામદાયક છે ? આ બધું જાણી લઇએ તો દાવો કરીએ કે ''અમે ઇમામે ઝમાના સાથે મોહબ્બત કરીએ છીએ'' અને જો ભૂલ કરી તો ખબર નથી કઇ શક્તિ ઇમામે ઝમાના સાથેની મોહબ્બતના વર્તુળમાંથી ફેંકી દે. જેના માટે કાંઇ કહી શકાય નહીં. તેથી જરૂરી છે કે મોહબ્બતને સમજવી પડશે, જાણવી અને ઓળખવી પડશે. તેનું કેન્દ્ર માનવીનું હૃદય છે. તેને સ્વચ્છ અને પ્રકાશિત રાખવું પડશે. એ જોવું પડશે કે ખુદાવંદે આલમ જે ખૂબજ મહેરબાન છે તે કેવી રીતે તેની રાહની હિદાયત ફરમાવે છે. હઝરતે હુજ્જત, સય્યદુલ મુરસલીન અને ખાતેમુન્નબીય્યીનના અંતિમ વારસદાર અને તમામ સર્જન અને અલ્લાહના બંદાઓ ઉપર અલ્લાહ તઆલાના ખલીફા છે. તેથી એ પણ જોવું પડશે કે અમ્બીયા અલયહેમુસ્સલામની બેઅસતની મોહબ્બત સાથે ક્યો સંબંધ છે. તેઓ અલ્લાહની નિશાનીઓ છે. તેઓ કેવી રીતે શિક્ષણ અને નસીહત ફરમાવે છે. કેવી રીતે નફસોને પાક કરે છે. કેવી રીતે મોહબ્બતના નુરથી ઇન્સાનના અસ્તિત્વને પ્રકાશિત કરે છે અને તે મહાન હસ્તીઓએ કેવી રીતે આપણી બુદ્ધિને-ચૈતન્યને આ મોહબ્બતના માટે તૈયાર અને જાગૃત કર્યા છે. અને કેવા અંદાઝથી આ મોહબ્બતની પ્રતિતી માટે રીતભાત શીખવાડી છે. જોકે તે એક હકીકત છે કે ઇમામે ઝમાના અલયહિસ્સલામ સાથેનો મોહબ્બતનો હક અદા નથી શકે છે, પરંતુ ઘણો ઓછો. આ હઝરતોની સિવાય, જેનો ઉછેર સંપૂર્ણ પાકીઝગીના માહોલમાં થયો હોય અને ગૈબી મદદનો પણ સાથ હોય એવી મહાન હસ્તીઓના જીવનના પ્રસંગો અને તેઓની ભવ્ય કારકીર્દીની ઇતિહાસ આપણને ઓળખ કરાવે છે. જેઓ ઇશ્કની વિશાળ દ્રષ્ટિના પ્રણેતા હતા.

દુનિયાની આ વિષાદભરી પરિસ્થિતિમાં તે માહોલ, તે વાતાવરણ, તે સ્વચ્છતા, તે પાકીઝગી, તે હૃદયની વિશાળતા, તે કાળજુ, તે અલ્લાહની રાહમાં ફના થનારની ઉડાન... એવું લાગે છે કે ''કાહ કુન્દન વ શીર આવરદન'' (''ઘાંસી કાપવું અને દુધ કાઢવું'', એક ફારસી કહેવત)ની સચ્ચાઇની જાણ થાય છે. પરંતુ અશક્ય પણ નથી. આવો જોઇએ કે વિદ્વાનો અને મહાન વિભુતીઓએ અભ્યાસપૂર્ણ દ્રષ્ટિપાત કર્યો છે તે શું છે.

મહાન વિદ્વાનોનું કહેવું છે કે મોહબ્બત ફક્ત અનુભવ કરાય એવી એક લાગણી છે. તે પ્રકૃતિના પાલવમાં વસે છે. આ એવી પવિત્ર વસ્તુ છે જેને શબ્દોમાં વ્યક્ત થઇ શકતી નથી. પરંતુ લેખકો અને વિવરણ કરનારાઓ માટે શબ્દકોશમાં મોહબ્બતનું વર્ણન આ રીતે કરવામાં આવ્યું છે :-''તે સમજ જે તબીયતને નરમી અને કોમળતા બક્ષે તેને મોહબ્બત કહે છે.'' અને જે સમજથી તબીયતમાં સખ્તાઇ આવે છે તેને નફરત-દુશ્મની કહે છે. એમ કહેવાય છે કે મોહબ્બત મઅરેફત અને ઓળખને તાબે હોય છે. તેથી જેટલી મઅરેફત અને ઓળખ વધતી જશે તેટલી મોહબ્બત વધુને વધુ મજબુત બનતી જશે.

મોહબ્બતની આ વ્યાખ્યા મુજબ, સમજ મોહબ્બત અને નફરતનું મૂળ છે. સમજનો સંબંધ માનવીની બુદ્ધિ અને હૃદય સાથે છે. એ વાત નક્કી છે કે મોહબ્બત માનવીના સ્વભાવના મૂળમાં અલ્લાહ તઆલા તરફથી સોંપવામાં આવી છે. અહીં સમજના બે પ્રકાર દર્શાવવામાં આવ્યા છે. એક નફરતનું અને બીજું મોહબ્બતનું ઝરણું છે. એટલે કે અમુક વસ્તુથી દૂરી ઇખ્તેયાર કરવી પડશે, તેમજ અમુક વસ્તુથી નઝદીકી હાસીલ કરવી પડશે. એ માટે, મોહબ્બત જાળવી રાખવા માટે પરહેઝગારી અને પરીશ્રમ બંને અમલ જરૂરી છે. જેની સાથે નફરત કરીએ તેનો પડછાયો પણ આપણી મોહબ્બત પર પડવા ન પામે. અને જેની મોહબ્બત અને વખાણ કરવાના છે તેના માટે શક્ય તેટલી દરેક બનતી કોશીષથી કામ લેવું પડશે. વિદ્વાન અને પહેલી હરોળના તત્વજ્ઞાની અને લેખન કળાના નિષ્ણાત શહીદ મુર્તુઝા મોતહ્હરીએ પોતાની કિતાબ ''જાઝેબા ઔર દાફેઆ''માં આ વિષય ઉપર સંતોષપ્રદ વિવરણ કર્યું છે. જેના વિવેચન માટે આ લેખમાં અવકાશ નથી. મોહબ્બતની જરૂરી બાબતોને જાણવી, ઓળખવી અને તેની ઉપર અમલ કરીને તેની સાથે ન્યાય કરવો, તે મોહબ્બતની પાયાની જરૂરત છે. જેની વગર મોહબ્બત ક્યારે પણ વિકસી શકતી નથી. તેથી તેવા અવરોધ કાર્યોથી સાવચેત રહેવું પડશે અને તેનાથી સખ્તાઇપૂર્વક દૂર રહેવું પડશે કે જે મોહબ્બતના માર્ગમાં વિઘ્નરૂપ બને છે. જેથી મોહબ્બતની સ્વચ્છતા ઉપર કોઇ ડાઘ પડવા ન પામે. તેની તાજગી ઉપર ઝાંખપ ન લાગી જાય અને તે લોહીની સાથે દિલની રગોમાં એકરૂપ

થઇને અનંત જીવનનું પોષણ કરે.

સર્વ શ્રેષ્ઠ સર્જન, ''ઇન્સાન''નો શબ્દ જ તેના મૂળરૂપ મુજબ 'ઉન્સ' એટલે ''મોહબ્બત''થી નીકળેલો છે. તેથી જે ખુદાએ ઇન્સાનને શ્રેષ્ઠતાના દરજ્જા ઉપર મુક્યો છે, તેણે તેની પ્રગતિ અને તેના પર બાકી રહેવાનો માર્ગ પણ દેખાડ્યો છે. તેથી આવો ! જોઇએ કે કુરઆને શરીફે આ બારામાં શું કહ્યું છે. અને તેની (મોહબ્બતની) રીતભાત કેવી રીતે શીખવાડી છે.

* ખુદા-તઆલાનું એલાન છે :

''ઇન્નદ્દીન ઇન્દલ્લાહીલ ઇસ્લામ'' અલ્લાહની નજદીક દીન માત્ર ઇસ્લામ છે. આ પસંદગી પામેલા નુરાની દીનને ખાતર અમ્બીયા અલયહેમુસ્સલામને મોકલ્યા. જેથી તે અલ્લાહના બંદાઓને તેની તરફ આમંત્રણ આપે. અને હિદાયતની ફરજો પૂરી કરે. અંતમાં ખત્મી મરતબત હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વ આલેહીને રીસાલતનો હોદ્દો અર્પણ કર્યો. ''હોવલ્લઝી બઅસ ફીલ ઉમ્મીયીન રસુલન મીન્હુમ યતલુ અલયહીમ આયાતેહી વ યો ઝક્કીહીમ વ યોઅલ્લેમોહોમુલ કિતાબ વલ હિકમહ'' તે ખુદા તે છે જેણે મક્કાવાળાઓમાંથી એકને રસુલ બનાવી મોકલ્યા. જે અલ્લાહની આયતોની તિલાવત કરે છે, નફસોને પાક કરે છે અને કિતાબ અને હીકમતની તાલીમ આપે છે. વ ઇન કાનુ મીન કબ્લો લફી ઝલાલીમ મોબીન. જ્યારે એ પહેલા તેઓ ખુલ્લી ગુમરાહીમાં હતા.

ઇસ્લામના દીનના માટે અલ્લાહની આયતોની તિલાવત થકી પવિત્રતા અને નફસની પાકીઝગી જરૂરી છે. જો નફસની પવિત્રતા નહીં હશે તો હીકમત અને અલ્લાહની કિતાબનું શિક્ષણ અસર નહીં કરે. જો હીકમત અને જ્ઞાનની કિરણો ઇન્સાનના હૃદયમાં ફુટવા લાગશે તો જાણે નફસ પાક થઇ રહ્યું છે અને શાંતિ અને ઇમાનની આનંદિત લહેરો તમામ કાળાશને પાક અને સાફ કરીને અલ્લાહના ગુણગાન ગાતી પસાર થવા લાગી છે. એક મુસલમાનના દિલમાં એક રાહબરના પગલા થકી અલ્લાહ ઉપર યકીન અને ઇમાનનું નૂર પ્રકાશી ઉઠે છે. આ રીતે અલ્લાહના કલામની સચ્ચાઇ સાથે ઇન્સાનની ફીતરતના શ્વેત પત્ર ઉપર પ્રકાશિત દસ્તાવેજ બનીને ઉભરવા લાગે છે અને પછી અલ્લાહ તઆલા ફરમાવે છે : અલ્લઝીન આમનુ અશદ્દો હુબ્બન લીલ્લાહ -તે જેઓ ઇમાન લાવ્યા તેઓની મોહબ્બત અલ્લાહ સાથે મજબુત હોય છે. આ માટેજ ઇમામ હુસયન અલયહિસ્સલામ અલ્લાહની બારગાહમાં કુરબાનીઓ આપી રહ્યા હતા. અને ખુદાવંદે મોતઆલની નજદીકી અને મોહબ્બતના કારણે ચહેરો ગુલાબી થતો જતો હતો. જ્યારે ચર્ચા ઇસ્લામથી ઇમાન અને ઇમાનથી મોહબ્બતની તરફ આગળ વધી રહી છે, ત્યારે જોઇએ કે ''મોહબ્બત'' શબ્દનો કુરઆનમાં પોતાના સમાનાર્થી મૂળ-

શબ્દની સાથે અલ્લાહ તબારક વ તઆલાએ કેટલી વખત ઉપયોગ કર્યો છે. સુજ્ઞ વાંચકો! આ મોહબ્બતનું એટલું મહત્વ છે કે બંને જહાનના સર્જનહારે પોતાની પવિત્ર કિતાબમાં વારંવાર ઉલ્લેખ કર્યો છે. ''મોહબ્બત'' અને ''મોવદ્દત'' બે સમાન અર્થ ધરાવે છે. જે ''હુબ્બ'' અને ''વુદ્દ'' મૂળ શબ્દમાંથી નીકળેલા છે. ''હુબ્બ'' શબ્દ ૧૧૫ વખત અને ''વદ્દ'' ૨૮ વખત આવેલા છે. દરેક જગ્યાએ ઇમાનની સાથે મોહબ્બતના અર્થઘટન સ્વરૂપે છે. આ ઉપરાંત શબ્દકોશમાં આ પ્રાસમાં એક વધુ શબ્દ આવ્યો છે. જેને ઇશ્ક કહે છે. આ શબ્દ કે તેનો કોઇ પર્યાય કુરઆને મજીદમાં નથી. પરંતુ હદીસમાં રસુલે ખુદા સ.ની પવિત્ર જીભ ઉપર બોલાએલો છે અને અઇમ્મએ મઅસુમીન અલયહેમુસ્સલામે પણ કોઇ કોઇ જગ્યાએ આ અર્થનો સમવેશ કરેલ છે. જેમકે રસુલે ખુદા સ. ઇરશાદ ફરમાવે છે : ''અફઝલુન્નાસે મન અશેકલ ઇબાદત'' (હદીસ ત્રીજી, બાબુલ ઇબાદત, ઉસુલે કાફી)

''બહેતરીન શખ્સ એ છે જે ઇબાદતની સાથે ઇશ્ક કરે છે.''

આ શબ્દોની વિસ્તારથી સમજણ આપવાનું કારણ એ કે ઇમામે ઝમાના અ.ની મોહબ્બત આપણા માટે જીવનની પ્રથમ બાબત છે. આપણા જીવનની નિશાની છે ને સૌથી ઉચ્ચ હેતુ છે. આપણે આપણા મહેબુબ રાહબરના આશિક છીએ. તેમને શબ્દો થકી મોહબ્બત દર્શાવી શકીએ છીએ. ક્યારેક મોહબ્બત કહીએ છીએ, ક્યારેક મોવદ્દત કરીએ છીએ અને ક્યારેક ઇશ્ક કહીએ છીએ. અલ્લાહના સૌથી વધુ પ્યારા અને પસંદ કરેલા દીન ઇસ્લામે આપણને તેનું શિક્ષણ અને સંસ્કાર આપ્યા છે. તેનાથી જ આપણી પ્રગતિ થાય છે. તેથી આ જ દિને ઇસ્લામના સૌપ્રથમ સદર જ. રસુલે ખુદા (સ.અ.વ.વ.)ની પાસે જ્યારે મુસલમાનોએ ફરમાંબરદારી અખત્યાર કરી ત્યારે ઉત્તેજક થઇને પોતાની આશકીનો સ્વિકાર કરીને સવાલ કર્યો, ''યા રસુલુલ્લાહ (સ.) ! આપે અમને રોશની આપી, અમે ઝલીલ હતા, આપે ઇઝ્ઝત બખ્શી અમે ગુમરાહ હતા, આપે રસ્તો દેખાડ્યો આપની રહમતોથી પરવરદીગારે અમારા ધડકતા બેચેન દિલો ઉપર શાંતિ અને સાંત્વન આપ્યા. અમે આપને આપની રિસાલતની તબ્લીગના માર્ગમાં મહેનત અને પરીશ્રમનું શું વળતર આપીએ ?'' જાણે કે ખુદાની તરફથી આ બંદોબસ્ત થઇ રહ્યો હતો કે લોકો મહેનતની કદર અને કિમત સમજે. અલ્લાહ તઆલાએ પોતાના હબીબને ફરમાવ્યું : ''એ રસુલ ! કહી દો કે મને તમારી પાસેથી રિસાલતનું કોઇ વળતર નથી જોઇતું સિવાય કે મારા કુટુંબીજનો સાથે મોહબ્બત.'' ''કુલ લા અસ્અલોકુમ અલયહે ઇલ્લલ મોવદ્દત ફીલ કુર્બા.'' હવે જેની જેવી અનુસરવાની શક્તિ હતી તેટલી હદ સુધી તેને એટલે કે આ જવાબી આયતે કરીમાને અનુસર્યા. અને રસુલ સ.ના આશિકો તેઓની સમજણ

મુજબ રિસાલતનો હક અદા કરતા રહ્યા. તેથી વિરૂદ્ધ વારંવાર માર્ગમાં મુશ્કેલીઓ અને આવરણો પણ આવતા રહ્યા છે અને આવતા રહેશે. ડગલેને પગલે રાજકારણ પણ હશે, ઝાલીમો પણ આવશે અને મઅસુમીનના વારસદાર હોવાનો દાવો પણ કરશે. દંભનું સામ્રાજ્ય પણ હશે. બગાવત અને નીચતા તેના મધ્યાને હશે. પરંતુ અલ્લામા ઇકબાલના કથન મુજબ ''ઇશ્ક ખુદ એક સયલ હૈ, સયલકો લેતા હૈ થામ.'' (ઇશ્ક ખુદ એક પ્રવાહ છે તે પ્રવાહને રોકી લે છે).

ઇશ્કની સામે આ બધી શક્તિઓ નષ્ટ પામે છે. આવા જ આશીકોનો એક સમુહ કરબલામાં હતો. ફરઝન્દે રસુલે (અ.સ.) એલાન કર્યું, જેવા સાથીદારો અલ્લાહે મને આપ્યા છે તેવા ન તો મારા જદને મળ્યા, ન મારા પિતાને મળ્યા. આ સમુહે જે રીતે રિસાલતનો બદલો અર્પણ કર્યો તેના બલીદાનનો અંદાજ પણ માનવીની બુદ્ધિ માટે અસંભવ દેખાય છે. એટલા માટે કે આ આત્માઓએ ''અલ્લઝીન આમનુ અશદ્દો હુબ્બન લિલ્લાહ''ની તફસીર પોતાના ખુનથી લખી અને ખુદાએ તેઓના માલિક અને સરદારને ''નફસે મુત્મઇન્ના'' કહીને સંબોધન કર્યું.

ખુદાવંદે મોતઆલનો આ એહસાન અગણિત છે કે તેણે આપણને શીખ આપી કે એહસાનનો બદલો માત્ર એહસાન છે. રસુલે અકરમ સ.ની રીસાલતની તબ્લીગ એક એવો એહસાન છે કે જેનો બદલો અશકય છે. મોહબ્બત જ એક એવી વસ્તુ છે જે આપણું ધ્યાન આ એહસાનની તરફ દોરી રાખે છે અને આપણા ચારિત્ર્યને શણગારે છે. જ્યારે કે રાજકારણ અને હુકુમતનો ઇતિહાસ આ જ એહસાનની પકડમાં છે. જેમકે નબીએ કરીમ સ.ની દોઆમાં છે : અલ્લાહુમ્મ લા તજઅલ લે ફાજેરીન અલય્ય યદન ....... કલ્બી. ''એ ખુદા કોઇ દંભી અને જુઠ્ઠાનો મારી ઉપર એહસાન ન કરાવ જેથી તેની મોહબ્બત મારા દિલમાં ઘર કરી જાય.'' તેનાથી એક વાત એ પણ જાણી શકાય છે કે એહસાન મોહબ્બતનું માધ્યમ છે. પછી તે કાફરની તરફથી પણ કેમ ન હોય. એહસાન છે ઇમામ હુસયન અલયહિસ્સલામનો માનવતા ઉપર અને દીને ઇસ્લામ ઉપર જો કરબલા ન હતે તો ઇસ્લામ ઉપર એક એવી ભયંકર આફત આવતે કે સાચું સ્વરૂપ ઓળખી ન શકાતે અને ઇમાનના માટે મઆઝલ્લા યઝીદની પ્રણાલી પણ શરત બની જતે અને ઘણા બધા કામો જે અલ્લાહે હરામ કર્યા છે તે હલાલ બની જતે અને ખુદાએ હલાલ કરેલા કાર્યો હરામ બની જતે. 'ઉલુલ અમ્ર'ના અર્થઘટન ઉપર હજારો પુસ્તકો આવી જતે અને ગારતગીરીના ખબર નહિ કેટલા તોફાનો ફેલાતે. એટલે કે ઇમામ હુસયન અ. સાથેની મોહબ્બત રિસાલતના બદલારૂપે લેખાઇ. એટલા માટે કે આપે આ દીનને બચાવી લીધો. જે ખુદાનો પસંદ કરેલો દીન છે અને જેની આપના

નાના મોહમ્મદ મુસ્તુફા સ.એ તબ્લીગ ફરમાવી છે. હુસયનના આશિકો ! મોહબ્બતની અપેક્ષા એ છે કે મેહબુબનું કથન અને કાર્યથી અનુસરણ કરે. તેમની મરજીને પોતાના ચારિત્ર્યના બીબામાં ઢાળે. તેની ખુશનુદી ઉપર નજર રાખે. ઇમામે હુસયન અલયહિસ્સલામે પોતાની ૯ (નવમી) પેઢીના ફરઝંદ, જે ખુદાની આખરી હુજ્જત છે, તેમના માટે શું ફરમાવ્યું તે ધ્યાનથી વાંચી તેના ઉપર અમલ કરો. વ્યવહાર અને વર્તન તે મુજબ કરો. ખબરદાર રહો કે ઋણ અદા કરવામાંથી પીછેહઠ તો નથી કરતાને. અબ્દુલ રહેમાન બીન સલીતથી રિવાયત છે :

''ઇમામ હુસયન અલયહિસ્સલામે ઇરશાદ ફરમાવ્યું, અમારામાંથી બાર હાદી થશે. જેમાંથી પહેલા જનાબ અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલીબ અલયહિસ્સલામ અને છેલ્લા મારી નવમી પેઢીમાં મારા ફરજન્દ હશે. તે ઇમામે કાએમ (અલયહિસ્સલામ) બિલ્હક હશે. અલ્લાહ તેના થકી નિર્જીવ જમીનને સજીવ કરશે. તેના થકી દીને હક બધા દીનો ઉપર જાહેર કરશે. પછી ભલેને મુશરીકોને આ વાત અણગમતી કેમ ન હોય. તેમના માટે ગયબત છે જેમાં એક કોમ દીનની બહાર ફેંકાઇ જશે અને બીજી કોમ દીન ઉપર કાયમ રહેશે. તે કોમને તકલીફો આપવામાં આવશે. તેઓને કહેવામાં આવશે કે જો તમે સાચા હો તો ઇમામના ઝહુર થવાનો વાયદો ક્યારે પૂરો થશે. બસ ગયબતના જમાનામાં દુઃખો અને મુસીબતો ઉપર સબર કરનારાઓ અને જુઠા પાડવામાં આવનારાઓને મુજાહીદનો મરતબો મળશે, જેણે રસુલુલ્લાહ સ.ની સાથે તલ્વારથી લડાઇ કરી હોય.'' (કમાલુદ્દીન ભા. ૧ પ્ર. ૩૦)

આ રિવાયતથી એ જાહેર થાય છે કે ઇમામ હુસયન અલયહિસ્સલામે આ સંદેશો આપ્યો છે.

**પહેલું :-** એ કે ખુદાની આખરી હુજ્જત આપની નવમી પેઢીની વ્યક્તિ હશે.

**બીજું :-** તે કયામ કરશે.

**ત્રીજું :-** તે દીને હકને તમામ દીનો ઉપર જાહેર કરશે. કોઇ દીન સિવાય દીને હક બાકી ન રહેશે.

**ચોથું :-** નિર્જીવ જમીનને ફરી સજીવન કરશે.

**પાંચમું :-** આ બુઝુર્ગવારની ગયબત લાંબી હશે.

**છઠ્ઠું :-** મિલ્લત બે કોમોમાં વહેંચાઇ જશે. એક અડગ રહેશે. બીજી જુઠલાવશે.

**સાતમું :-** અડગ રહેનારના માટે બલા અને મુસીબત છે.

**આઠમું :-** તેનો (અડગ રહેનારાનો) મરતબો તે મહાન હસ્તીઓનો હશે જેમણે રસુલુલ્લાહની સાથે તલ્વારથી કાફરો સામે લડાઇ કરી.

આ હદીસથી આઠ મુદ્દાઓનું એ તારણ નીકળે છે કે હઝરત હુજ્જત (અ.સ.) સાથેની મોહબ્બતનું માધ્યમ ઘણું ઉંચુ હોવું જોઇએ. એવું તો નથીને કે કથનમાં યકીન રાખીએ છીએ અને અમલ ભૂલી જઇએ છીએ ? એવું તો નથીને કે આશા છોડીને બેસી ગયા છીએ કે હવે આ કોમ શું આગળ વધશે. જો આ બધા નિરાશાજનક વિચારોથી બહેકી નથી ગયું તો એવું તો નથીને કે જે રીતે વહેતી નદીમાં ઘાસ અને તણખલા વહી રહ્યા છે તે રીતે આપણે આ જમનામાં જીવનના પ્રવાહમાં વહી રહ્યા છીએ. ''માત્ર કલ્પના છે કે હઝરત હુજ્જત (અ.સ.) આવશે, કયામ ફરમાવશે, દુનિયાનો નક્શો પલ્ટાઇ જશે અને સારા દિવસો આપમેળે આવી જશે. આપણે કાંઇ કરવાનું નથી.'' આ વિચારવા જેવી બાબત છે.

આ થોભીને વિચાર કરવાનું સ્થાન છે. આ નફસનો હિસાબ લેવાનો સમય છે. તે સહાબીઓને નજરની સામે રાખવાના છે જેમણે રસુલે ખુદા સ.ની સાથે લડાઇઓમાં સાથ આપીને કાફરો સામે લડાઇ કરી અને શહીદ થઇ ગયા. તેઓનું ચારિત્ર્ય, હિમ્મત, યકીન, જવાંમર્દી, આત્મવિશ્વાસ, ખુદા સાથે મોહબ્બત, તેના રસુલ સ. સાથે મોહબ્બત, અકીદત તેનો સમજણથી અભ્યાસ કરવો પડશે, ત્યારે માંડ સમજ-બુદ્ધિની આંખ ખુલશે. અને પછી સમજમાં આવશે કે આપણે કદાચ ઇશ્કને બદનામ તો નથી કરી રહ્યાને ? ક્યાંક આપણે મોહબ્બતની અપેક્ષાઓથી બરતરફ તો નથી થઇ રહ્યાને ? ક્યાંક આપણે મોવદ્દતની સાથે અન્યાય તો નથી કરી રહ્યાને ? જો એવું નથી તો હઝરત હુજ્જત અ.ની ગયબત વધુને વધુ શા માટે લંબાતી જાય છે. ઝહુરમાં જલદી થાય એ આ કૌમ ઉપર નિર્ભર છે જેને જુઠલાવવામાં આવી રહી છે. જે સબર કરી રહી છે. જે સાબિત કદમ-અડગ છે. જેની દરેક વ્યક્તિ સવાર સાંજ આ કહે છે, ''અશહદોઅન્નકલ ઇમામુલ મહદી કવલન વ ફેઅલન.'' હું ગવાહી આપું છું શબ્દોથી તેમજ કાર્યોથી કે આપ જ ઇમામ મહદી (અ.) છો.''

તેના ઉપર દીનની તકલીફો હિમાલયને ઉપાડવા જેવી જવાબદાર છે. આ જમનાના ફસાદ અને ફીત્નાથી નફસનો જેહાદ કરવો અને મોહબ્બતને અસ્પર્શ્ય રાખવી તે કોઇ મામુલી કામ નથી. મોલેઅત ઝુલ્મન વ જવરન-ઝુલ્મ અને અત્યાચારનો જમાનો નજદિક

છે. શયતાનના કારભારની ગતિ બહુ તેજ છે. દિલોની ઉપર ઝેરની અસરો ઘણી ઉંડી થતી જાય છે. આત્મહત્યા સામાન્ય થઇ ગઇ છે. અસાધ્ય રોગોથી ઇન્સાન પરેશાન છે. નવી નવી હલાક કરનારા પ્રકાશના કિરણો અસ્તિત્વમાં આવી રહી છે. અલ્લાહ તઆલાના રસુલ સ.ની આગાહીઓ સાચી પડી રહી છે. ભાન ભૂલી જવાના હજારો સાધનો છે. સંભાળ લેવા માટે કાંઇપણ દેખાતું નથી. શું કરીએ, શું ન કરીએ. અક્કલ લાચાર છે વિનાશકારી અને અત્યાર ઉપર અત્યાર કરવાના સાધનોના સંશોધનો થઇ રહ્યા છે. આ આફતમાં આખો સમાજ સપડાએલો છે. સ્ત્રી હોય કે પુરૂષ બધા બેહયાઇની સંસ્કૃતિ સમજે છે. શાયરી અને નગ્મામાં ચારિત્ર્ય હીનતાનું જોર છે. તેની ફરેબી જાળ ફેલાતી જાય છે. અધર્મીનું બજાર ગરમ છે. પ્રગતિવાદની હવા સામાન્ય બની ગઇ છે. જો આ બધી બાબતોની તરકીબો એક સાથે ભેગી મળી જાય અને તેને મોહબ્બતનું નામ આપવામાં આવે તો મોહબ્બતનું કેટલું મોટું અપમાન છે અને ઇશ્કની કેવી લાચારી છે?

જરા આજ અને આવતીકાલના પરિવર્તન ઉપર નજર કરો. આ જમાનો બની ઉમય્યા અને બની અબ્બાસના જમનાઓ કરતા ઘણા વધુ સખત છે. તે જમાનામાં અઇમ્મએ મઅસુમીન અ.ની ખીદમતમાં હાજર થવા માટેના સાધનો અને માધ્યમો પ્રાપ્ય હતા. મઅસુમો અ.ના સાનિધ્યમાં બેસીને તેઓના દિલનશીન અવાજથી લાભ મળતો હતો. તેઓની હિદાયતો, વાતો અને ઇશારાઓ હૃદયમાં ઉતરી જતા હતા. એક તરફ મોહબ્બત હતી. બીજી તરફ તેના મુકાબલામાં દોલત હતી. પરંતુ તેઓ ઇમાનના ધણી હતા. ઇમામ સાદિક અલયહિસ્સલામને જ્યારે એક સહાબીએ પોતાની મુફલીસી અને લાચારીની સરખામણી બની અબ્બાસના નમક ખાનારાઓ સાથે કરી તો આપે અશરફીની એક થેલી આપી અને કહ્યું : આ અશરફીની થેલી લઇ જા, શરત એ છે કે મારી મોહબ્બત મને પાછી આપી દે. તેણે થેલી ત્યાંજ રાખી દીધી અને પોતાની મુફલીસીના ઇમ્તેહાનથી દુઃખી જીંદગી ઉપર શુકર કરવા લાગ્યો. તેની રૂહ મોહબ્બતની ફરજથી આ દુનિયાની લાચારી અને મુફલીસી સરખામણી કરવા લાગી. હુસયન અ.ના અસ્હાબોને ઇમામ હુસયન અલયહિસ્સલામના આ મોહબ્બતભર્યા વાક્યોથી કેટલી અસીમ ખુશી મળતી હશે. તે લખવા માટે કલમ લાચાર છે. જ્યારે આપ કહેતા હતા, ‘‘એ અલ્લાહ તબારક વ તઆલા ! જેણે તને ખોઇ નાખ્યો તેને શું મળ્યું ? જેણે તને મેળવી લીધો તેણે શું ખોયું ?’’

આજના જમાના સાથે તે જમનાની સરખામણી કરો તો જણાશે કે આજે તો નમરૂદ અને નમરૂદીઓની લાઇનોની લાઇનો દુનિયાના દરેક ખુણામાં જોઇ રહ્યા છીએ. તે આગથી અનેકગણા ભયાનક શસ્ત્રો ખડકાએલા છે. ઇબ્રાહીમી યકીન લઇને કેટલી વ્યક્તિઓ

સામે આવી રહી છે ?

કૌન હોતા હરીફે મય મર્દે અફગન ઇશ્ક

હૈ મુકર્રર લબે સાકીપે સિલા મેરે બાદ

જેમકે મોહબ્બત સાદ પાડી રહી છે અને બધા સાંભળી રહ્યા છે. દરેક મસ્જીદમાં દરેક નમાઝની પછી કહેવામાં આવે છે, દરૂદ મોકલો મોહમ્મદ સ. અને આલે મોહમ્મદ સ. ઉપર જેવી રીતે દરૂદ મોકલો છો આલે ઇબ્રાહીમ અ. ઉપર. બેશક ખુદાની જાત પ્રસંશાને પાત્ર અને સન્માનીય છે. આલે મોહમ્મદ સ.નો સિલસિલો બાકી છે. મારા લખાણ સામું ન જોતાં. ન્યાયપ્રીય વિદ્વાનો, અહલે સુન્નતના પ્રખર અને ઇલ્મના માંધાતાઓએ સેંકડો હદીસો ''સલાસતુન નબુવ્વત વ બકીય્યતુલ ઇત્રત'' ઉપર વિશ્વાસપૂર્વક અને મજબુતીથી પોતાના ગ્રંથોમાં સુરક્ષિત કરી દીધી છે. તેથી આ જમાનાની ભડકતી આગથી બચવા માટે ખુદાવંદે કરીમે વલીનો સલામતિનો દામન સુરક્ષિત રાખ્યો છે. યા વલી અસ્ર કહીને પગ ઉપાડીને તો જુઓ સલામતિ મળે છે કે નહિ ? સંશોધનના માર્ગમાં પક્ષપાતી અને ખોટા અર્થઘનટનના કાંટા ન વાવો. આશિકોનું ધ્યેય નિર્બળ હોવા પછી પણ આ કાંટાળા માર્ગમાંથી પસાર તો થઇ જશે અને પવિત્ર ચોગાનના ઠંડા છાયામાં સલામતિ મેળવશે અને જે કાફરો, જાલીમો, ઘમંડીઓને બદનામ કરનાર છે, તેની પાણીદાર તલ્વારથી માર્ગમાં કાંટા પાથરનારા બચીને ક્યાં જશે ?

મોહબ્બત કસોટી માગે છે. કસોટી કપરી છે. અંધાધુંધીનું બજાર ગરમ છે. ઇમાન લુંટનારાઓના નૃત્ય દરેક ઘરના આંગણામાં થઇ રહ્યા છે. બહાર નીકળીએ તો સામે કાંટાથી ભરેલો માર્ગ છે. સામે મંઝીલ દેખાઇ રહી છે. બચી બચીને ચાલવાનું છે. ફૂંકી ફૂંકીને ડગલું માંડવાનું છે. ત્યાંથી લબ્બયકનો અવાજ સંભળાઇ રહ્યો છે. કોણ પ્રોત્સાહન આપી રહ્યું છે ? તેના અવાજમાં હિદાયત છે. તે મોહબ્બતની મહત્વની વસ્તુઓને આ માર્ગના દરેક મુસાફરને સંભળાવી રહ્યા છે. મોહબ્બત જીવંત છે તો દરેક મુશ્કીલ આસાન છે. દરેક કાંટો કળી છે. દરેક અંગાર ફૂલ છે. આ મોહબ્બતની કિરણોને અક્કલ અને સમજમાં ઉતારવા માટે તેના થોડા મહત્વના મુદ્દાઓ છે. જેની વિગત નીચે મુજબ છે :

પહેલું : **એહસાન :-** આપણી સાથે રહેનારાઓ અને બેસનારાઓ સાથે એહસાનની આપ-લે કરવી. પારકાઓના એહસાનથી દૂર રહેવું. જે નિખાલસ મોહબ્બતમાં ભેળસેળ પેદા કરે છે. જેની ચર્ચા અગાઉ થઇ ચૂકી છે.

બીજું : **સંપર્ક :-** પોતાના કુટુંબીજનો, સગા-સંબંધીઓ, સહ-પ્રવાસીઓ સાથે સંપર્ક જાળવી રાખવો. જેમકે ઇમામ સાદિક અલયહિસ્સલામને એક સહાબીએ પૂછ્યું, ''એક મોઅમીન ડુબી રહ્યો છે. તેને બચાવવો કે એક મોઅમીન જેને અમુક લોકો ગુમરાહ કરી રહ્યા છે તેની પાસે જવું.'' આપે ફરમાવ્યું : ''ગુરમાહ થનાર સાથે સંપર્ક રાખો. ખબરઅંતર પૂછો. તેની આખેરતને બચાવો.'' આજે આ સમયની માગણી છે. દૂર દૂરના મોઅમીનો સાથે સંપર્ક રાખવો અને તેઓને આપણા ઇમાનની તરફ દોરી રાખવા તે આપણા સૌની મુખ્ય ફરજ છે. આ કોઇ મોટું મુશ્કેલ કામ નથી. શરત એટલી છે કે ત્યાગ અને કુરબાની ભાવના હોવી જોઇએ.

ત્રીજું : **સબર અને ધીરજ :** આશકી સબર અને કસોટીનું નિશાન છે. અહીં મૃત્યુની પણ કોઇ સીમા નથી. તે એક સંવેદના કાર્યરત હોય છે જે પોતાના મહેબુબત તરફ ખેંચી ખેંચીને લઇ જાય છે.

ચોથું : **સીલે રહમ :** આ ખાનદાનના લોકો ઉપરાંત નીકળીને પોતાના લાભો અને બરકતોથી સમર્ગ સમાજને રાહતની સામગ્રી પૂરી પાડશે. આ ઘણી વિગતો માગી લે તેવો વિષય છે. તેના ઉપર અમલ કરવો હઝરત સાથેની મોહબ્બતની સાબિતી છે.

પાંચમું : **જ્ઞાન પ્રાપ્ત કરવું :-** હઝરત સાથે મોહબ્બત અને ઇલ્મથી ગફલત ! બંને વિરોધાભાસી છે. જે એકી સાથે ભેગા ન થઇ શકે. હઝરત ઇલ્મના સ્ત્રોત છે. રબ્બાની ઇલ્મ તરફ દઅવત દે છે. હઝરતથી મોહબ્બતના માટે જરૂરી છે કે ઇલ્મ મેળવવા માટે મહેનત કરે. નહિ તો ''લા યશઉન વલા યઅકલુન'' 'ન તો કાંઇ જાણતા હતા ન કાંઇ સમજતા હતા'ની મહોર આપણા આમાલ ઉપરથી કુરઆને મજીદની તરફથી લખાઇ જશે અને મોહબ્બતનો બદલો ખતમ થઇ જશે. તાલીમના સિલસિલામાં સચ્ચાઇ અને ઉંડો અભ્યાસ અહલેબયતની દેખરેખમાં રહે નહિ તો મોહબ્બત ક્ષતિગ્રસ્ત થઇ જશે અને તેનું દુઃખ સહન ન થઇ શકે તેવું હશે.

છઠ્ઠું : **અમલ :-** આળસ, સુસ્તી, નિષ્ક્રીયતા અને બહાનાબાજી ઇશ્કની નિશાની નથી. મહેબુબના દરવાજા સુધી પહોંચવા માટે હર ઘડી, હર પળે જાગૃત રહેવું જોઇએ. શરઇ તકલીફો ઉપર પાબન્દ રહેવું જોઇએ. એટલુંજ નહીં પરંતુ શયતાની વહેમો અને તરકીબોથી જાતને બચાવી રાખવી જોઇએ. સાએમુન્નહાર વ કાએમલ્લયલ. એટલા જ માટે મોઅમીનની મેઅરાજ છે.

સાતમું : **જેહાદ :-** કલમ અને નફસની જેહાદ માટે તૈયાર રહેવું જોઇએ.

આઠમું : **ઝીક્ર** :- રીવાયતમાં છે ‘‘અઝઝીક્રો મીફતાહુલ ઉન્સ.’’ ચર્ચા પ્રેમ અને મોહબ્બતની ચાવી છે. મહેબુબની ચર્ચા એટલી વધુ થાય કે જીભ થાકી જાય. પછી પણ ચર્ચાનો સીલસીલો ચાલુ રહે. આ પુનરાવર્તનથી મોહબ્તને વેગ મળે છે.

નવમું : **હદીયો** :- મોહબ્બતની મહાનતા અને મહત્તા, તેની શાનોશૌકત, તેનું સ્થાન અને તેજસ્વિતાને અનુરૂપ તેની પસંદગીનો હદીયો મોકલવાથી મોહબ્બત મજબુત બને છે. દાખલા તરીકે હઝરત હુજ્જત અ. આપણા મહેબુબ અને ધ્યેય છે. તેમના માટે નમાઝ પડવી, કુરઆન પડવું, કુરબાની આપવી વિગેરે.

દસમું : **સદકો અને દોઆ** :- આપણે આપણા મહેબુબના રક્ષણ માટે અલ્લાહના તરફથી મદદ મેળવવા માટે દોઆ પણ કરવી જોઇએ. અને તે માટે હઝરતનો સદકો પણ કાઢતા રહેવું જોઇએ. જલ્દી ઝહુર કરવાની દોઆ કરવી, ફરીયાદ કરવી અને વાયદાને દોહરાવતા રહેવું.

અગીયારમું : **ઇન્તેઝાર** :- તે વ નાશેરૂલ અદલે ફીત્તવલે વલઅરઝે છે. તેમના ઇન્તેઝારમાં ઇન્તેઝારનો હક અદા કરીએ. અને હકીકતમાં મુન્તઝેરીન (ઇન્તેઝાર કરનારાઓ)માં ગણતરી થવાની તમન્ના કરીએ. આશાના તંતુને તૂટી જવાથી બચાવીને રાખીએ.

ટૂંકમાં વધુ વિસ્તાર ન કરતા આટલેથી સંતોષ કરી રહ્યા છીએ. ખુદાવંદે આલમ પાસે દોઆ છે કે તે હઝરતની મઅરેફત અતા કરે. આ જ મઅરેફત મોહબ્બતની તાબે છે અને મોહબ્બતની મજબુતીનું મૂળ ઇમાન છે. ‘‘અલ્લઝીન આમનુ અશદો હુબ્બન લિલ્લાહ’’

# ઇમામ અ.ની યાદ

## એક મહત્વની જવાબદારી

હઝરત રસુલે ખુદા સલલ્લાહો અલયહે વ આલેની એક મશહુર અને જાણીતી હદીસ છે જે શીયા અને સુન્ની હદીસકારોએ નક્લ કરી છે. ‘‘મન માનત વલમ યઅરફો ઇમામે ઝમનેહી માત મયતતો જાહેલીય્યત’’

જે પોતાના જમનાના ઇમામને ઓળખ્યા વગર તેમની મઅરેફત મેળવ્યા વગર આ દુનિયામાંથી ચાલ્યો જાય તેનું મૃત્યુ અજ્ઞાનતાનું મૃત્યુ હશે. એટલે જો કોઇ માણસ ઇસ્લામના બધા અકીદાઓ અને હુકમોને સ્વિકારતો હોય અને તેના ઉપર અમલ કરતો હોય, પરંતુ પોતાના જમાનાના ઇમામને ઓળખતો ન હોય તો તેનું મોત કુફ્રનું મોત હશે અને જે માણસ દુનિયામાંથી કાફર જશે તે આખેરતમાં હંમેશા માટે જહન્નમમાં રહેશે. કારણ કે નેક આમાલ ત્યારેજ લાભદાયી હશે જ્યારે ઇમાનની સાથે કરવામાં આવ્યા હોય. તે માટે

દરેક એ માણસ જે જહન્નમની આગથી બચવા માગતો હોય તેના માટે પોતાના જમનાના ઇમામની મઅરેફત ફરજિયાત છે.

**બે પ્રકારના ઇમામ :-**

કુરઆને કરીમમાં બે પ્રકારના ઇમામોની ચર્ચા કરવામાં આવી છે. એક તે ઇમામ જે લોકોને જહન્નમ તરફ લઇ જાય છે. સુરા કસસ આયત નંબર ૪૧માં છે કે ''તે એવા ઇમામ છે જે લોકોને આગની તરફ દઅવત આપે છે.'' એટલે જે કોઇ પણ તેને માનશે, તેની પેરવી કરશે તેનો અંત જહન્નમ હશે.

બીજા તે ઇમામ છે જે ખુદાના હુકમથી લોકોની હિદાયત કરે છે. સુરા સજદહની આયત નંબર ૨૪માં છે કે ''અને અમે તેને ઇમામ નીમ્યા, જે અમારા હુકમથી લોકોની હિદાયત કરે છે.'' ''અને જે હકની તરફ હિદાયત કરે, તેઓ તે વાતના વધુ હકદાર છે કે તેમની પેરવી કરવામાં આવે.'' (સુરા યાસીન આ. ૩૫)

હઝરત અલી અલયહિસ્સલામે પોતાના ખુત્બાઓમાં બંને તરફના ઇમામોના ગુણો અને વિશેષતાઓની ચર્ચા કરી છે. લોકોની હકીકત તેઓના નામથી નથી ઓળખી શકાતી. પરંતુ તેઓના ગુણો અને વિશેષતા ઉપરથી તેનો અંદાજ કરી શકાય છે. જેવી રીતે કપડા શરીરના ડાઘાઓને છુપાવે છે તેવી રીતે જાહેરી અખ્લાક રૂહના ઐબ ઉપર પરદો નાખી દે છે. ઇમામ અને મામુનમાં રૂહાની સંપર્ક હોવો જરૂરી છે. અગર કોઇ માણસ અંદરથી મુત્તકી અને પરહેઝગાર નહીં હોય તો તે પોતાના અનુયાયીઓને તકવા અને પરહેઝગારી તરફ દોરી નહીં શકે. તેથી જો આપણે જન્નતમાં જવા ઇચ્છતા હોઇએ તો આખેરતની વાસ્તવિક જીંદગીને જહન્નમના અઝાબથી સલામત રહે તો આપણે એવા ઇમામની શોધ કરવી જોઇએ જેનું જાહેર અને છુપું દીનના અહેકામની સંપૂર્ણ તસ્વીર હોય, જે માથાથી પગ સુધી મુત્તકી અને પરહેઝગાર હોય. એટલે મઅસુમ હોય.

હઝરત અલી અલયહિસ્સલામના નુરાની કલામોની રોશનીમાં આગના ઇમામ અને હિદાયતના ઇમામ બંનેની વિશેષતાની ચર્ચા કરી રહ્યા છે. જેથી આપણા માટે ફેંસલો કરવો સહેલો પડે.

**આગના ઇમામ :-**

''..... અને યકીનથી ખુદાવંદે આલમની નજદીક સૌથી વધુ બદતર અને હલ્કો તે જાલીમ અને અત્યાચારી રેહનુમા ઇમામ છે જે ખુદ પણ ગુમરાહીમાં છે અને બીજા પણ તેના કારણે ગુમરાહ થઇ રહ્યા છે. તે કે જેણે રસુલે ખુદા સ.ની સુન્નતોને ખતમ

કરી દીધી છે અને ભૂલાએલી બીદઅતોને વધારી દીધી છે. મેં રસુલે ખુદા સ.ને ફરમાવતા સાંભળ્યા છે કે કયામતના દિવસે જાલીમ અને અત્યાચારી ઇમામને એ રીતે લાવવામાં આવશે કે ન તેનો કોઇ મદદગાર હશે અને ન તો કોઇ તેની તરફથી માફી માગનારૂં હશે. તેને સીધો જહન્નમમાં નાખી દેવામાં આવશે. પછી તે જહન્નમમાં એવી રીતે ચક્કર લગાવશે જે રીતે ઘંટી ફરે છે. પછી જહન્નમના ખાડામાં તેને જકડી દેવામાં આવશે.''

જાલીમ માત્ર તે માણસ જ નથી જે બીજાના હક મારી ખાય કે બીજાને સતાવે. કુરઆને કરીમના અર્થઘટનમાં ''જે અલ્લાહની હદોથી આગળ વધી જાય તે પણ જાલીમ છે.'' (સુરા બકરહ : ૨૨૯)

ખુદાએ ઉતારેલા હુકમોની નાફરમાની, હરામ ચીજોનો અમલ કરવો અને ખુદાની હદ ઓળંગી જવી. કુરઆનનો આ પણ ઇરશાદ છે, ''જે ખુદાએ મોકલેલા હુકમો મુજબ ફેંસલો ન કરે તે જાલીમ છે.'' (સુરા માએદહ આ.૪૫) જો કોઇ ખુદાના દીનમાં પોતાના તરફથી કોઇ ચીજ દાખલ કરી દે અથવા કોઇ વાજીબને કાઢી નાખે તે ખુદાના હુકમની વિરૂદ્ધ ફેંસલો કરવા બરાબર છે, જે જુલ્મ છે.

તેથી દરેક તે માણસ જેને ખુદાએ ઇમામ ન બનાવ્યો હોય અને તે લોકોની ઇમામતનો દાવો કરે તો તે ખુદાની હદોથી આગળ વધી જાય છે અને અલ્લાહના હુકમની વિરૂદ્ધ ફેંસલો કરે છે, તે યકીનથી જાલીમ અને અત્યાચારી રેહનુમા છે. જેનો અંત હઝરત અલી અલયહિસ્સલામના કથન મુજબ ઉપર આવી ગયો છે. કુરઆન તો એ લોકોને પણ જાલીમ કહે છે કે જે આ પ્રકારના લોકોની દોસ્તી કરે છે. ''અને જે તેઓને પોતાના દોસ્ત અને સરપરસ્ત ગણે છે તે જાલીમ છે.'' (સુરા મુમતહના આયત ૯)

## નૂર અને હિદાયતના ઇમામ :-

હઝરત અલી અલયહિસ્સલામ હિદાયતના ઇમામ અને ન્યાયી ઇમામની વિશેષતાઓ આ રીતે બયાન ફરમાવે છે:-

''ખુદાની યાદની નજદિક ખુદાના બંદાઓમાં સૌથી વધુ શ્રેષ્ઠ અને ગુણવાન એ ઇમામ છે જે ન્યાયી છે. જે ખુદ હિદાયત ધરાવતો હોય અને બીજાને હિદાયત કરે. સુન્નતોને અમલી બનાવે, અજાણી બિઅતોને નાબુદ કરે, સુન્નતોની નિશાનીઓ જગમગી રહી છે અને બિદઅતોના ધ્વજ પણ જાહેર છે.'' (નહજુલ બલાગાહ ખુત્બો ૧૬૪, પા. ૨૩૪)

એક બીજા ખુત્બામાં આ રીતે ફરમાવે છે :

''બેશક ઇમામો ખુદાના નક્કી કરેલા હાકીમ છે. બંદાઓને ખુદાની મઅરેફત આપનારા છે. જન્નતમાં માત્ર એજ જશે જે તેઓની મઅરેફત ધરાવતા હોય, અને જેને આ ઇમામો ઓળખતા હોય અને દોઝખમાં એ લોકો જશે જે તેઓને ન ઓળખતા હોય. ઇમામો તેઓને ન ઓળખતા હોય.'' (નહજુલ બલાગાહ ખુત્બો ૧૫૩, પા. ૨૧૨, સજી સાલેહ)

એક બીજા ખુત્બામાં આ પ્રમાણે ફરમાવે છે :- ''એ ખુદા ! તું ખૂબ જાણે છે કે જે કાંઇ અમારાથી (અહલેબયત અ.) જાહેર થયું છે તે એટલા માટે હરગીજ ન હતું કે અમને હકુમત અને સત્તાની ઇચ્છા હતી. અથવા દુનિયાના માલની તલપ હતી. (આ બધો સંઘર્ષ એટલા માટે હતો કે) અમે તારા દીનની નિશાનીઓને ફરીથી તેની સાચી જગ્યા ઉપર સ્થાપિત કરીએ. તારા શહેરોમાં શાંતિ અને સલામતિ ફેલાવીએ. જેથી તારા મઝલુમ બંદાઓ શાંતિ અને સ્વસ્થતાથી જીવન જીવી શકે. તારા બરતરફ થએલા હુકમોને અમલમાં લાવી શકીએ.''

બારે ઇલાહા ! હું પહેલો માણસ છું કે જે તારી તરફ રજૂ થયો અને તારા હુકમને સાંભળી સૌથી પહેલાં લબ્બયક કહ્યું. હઝરત રસુલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેની સિવાય કોઇ બીજાએ નમાઝ પડવામાં મારાથી વિશેષતા નથી મેળવી.

એ લોકો ! તમને ખબર છે કે જાન, માલ, ઇઝઝત અને શરમ, હુકમ અને કાયદાઓ ઉપર તે માણસ હાકીમ નથી થઇ શકતો જે કંજુસ હોય. કારણ કે તેની દાઢ મુસલમાનોના માલ ઉપર લાગેલી રહેશે. કોઇ જાલીમ પણ હાકીમ નથી બની શકતો કારણ કે તે પોતાની અજ્ઞાનતાના કારણે બીજાને ગુમરાહ કરશે, ન કોઇ ખરાબ ચારિત્ર્યવાળો કે ખરાબ સ્વભાવવાળો. કારણ કે તે પોતાના ખરાબ સ્વભાવ અને ખરાબ ચારિત્ર્યના કારણે લોકો સાથે ટક્કર લેતો રહેશે. ન કોઇ ડરપોક, કારણ કે તે કોઇને આપશે અને કોઇને નહીં આપે. ન કોઇ રૂશ્વતખોર કારણ કે તે બીજાના હક્કોને વેડફી નાખશે અને ન કોઇ સુન્નતને બરબાદ કરનારો, કારણ કે તે રીતે તો ઉમ્મત હલાક થઇ જશે. (નહજુલ બલાગાહ ખુત્બો ૧૩૧, પા. ૧૮૮-૮૯, સજી સાલેહ)

આ ખુત્બાઓ ઉપર નજર કરવાથી આ વાત સ્પષ્ટ થઇ જાય છે કે એજ રેહનુમા અને ઇમામ લોકોને હકીકતની તરફ હિદાયત કરી શકે છે જે....

૧. હિદાયત મેળવેલા હોય,

૨. બીજાને સાચા માર્ગ ઉપર હિદાયત કરનારા હોય,

૩. સુન્નતોને જીવંત કરનાર હોય,

૪. બિદઅતોનો નાશ કરનાર હોય,

૫. જેની મઅરેફત જન્નતમાં જવાનું કારણ બને.

૬. જેનો ઈન્કાર અલ્લાહના અઝાબનું કારણ બને.

૭. જેની નજર દુનિયાની સલ્તનત અને સત્તા ઉપર ન હોય.

૮. જે દુનિયાના માલનો ઇચ્છુક ન હોય.

૯. જે દીનની નિશાનીઓને જાહેર કરનારા હોય.

૧૦. ખુદાના શહેરોમાં શાંતિ અને સલામતિ સ્થાપિત કરનારા હોય,

૧૧. ખુદાના મઝલુમ બંદાઓને રક્ષણ આપનારા હોય,

૧૨. ભુલાઇ ગએલા હુકમોનું અમલીકરણ કરનારા હોય,

૧૩. કંજુસ ન હોય,

૧૪. ખરાબ ચારિત્ર્ય કે ખરાબ સ્વભાવના ન હોય,

૧૫. અજ્ઞાન ન હોય,

૧૬. ડરપોક ન હોય,

૧૭. રૂશ્વતખોર ન હોય,

૧૮. સુન્નતોને બરબાદ કરનારા ન હોય.

આ જ વાતોને એક બીજા ખુત્બામાં આ રીતે બયાન ફરમાવે છે :-

''ઇમામની બસ આ જવાબદારી છે કે ખુદાની તરફથી જે હુકમ તેના સુધી પહોંચ્યો છે તે લોકો સુધી પહોંચાડી દે અને ભરપૂર નસીહત અને હિદાયત કરે. સુન્નતોને જીવંત કરે. જે હદના મુસ્તહક છે તેના ઉપર હદ જારી કરે. ગસબ કરેલા માલને પાછો મેળવી તેના મૂળ માલિકને પહોંચાડી દે.'' (નહજુલ બલાગાહ ખુત્બો ૧૦૫, પા. ૧૫૩, સજી સાલેહ)

# પયગમ્બર સ.ની અહલેબયત

જો આપણે તે વિશેષતાઓની શોધ કરીએ તો આ વિશેષતાઓ માત્ર અહલેબયત અલયહેમુસ્સલામમાં જ જોવા મળશે. હઝરત અલી અલયહિસ્સલામ ફરમાવે છે :-

''પોતાના નબીની અહલેબયતને જુઓ. તેઓની સીરત ઉપર ચાલો. તેમના પગલાંઓનું અનુકરણ કરો. તેઓ તમને હિદાયતની બહાર થવા નહીં દે અને ન તો ગુમરાહી કે હલાકત તરફ લઇ જશે. જો તેઓ રોકાય તો તમે પણ રોકાઇ જાવ. જો તે ઉભા થાય તો તમે પણ ઉભા થાવ. તેમનાથી આગળ ન વધો નહીં તો ભટકી જશો. તેઓને છોડીને પાછળ પણ ન રહો. નહીં તો તબાહ થઇ જશો.'' (નહજુલ બલાગાહ ખુત્બો ૮૮, પા. ૧૪૩, સજી સાલેહ)

''ક્યાં છે તે લોકો જે જુઠ બોલીને અને અમારા ઉપર અત્યાચાર ચાલુ રાખીને એ દાવો કરે છે કે તેઓ રાસેખુન ફીલ અમલ છે અને અમે નથી. ખુદાએ અમને બુલંદ કર્યા, અમને ઇજ્જત આપી અને તેઓને હલ્કા પાડ્યા, અમને (ઇમામતનો) હોદ્દો આપ્યો અને તેઓને વંચીત રાખ્યા. અમને ઉચ્ચ કક્ષામાં દાખલ કર્યા અને તેઓને તેનાથી દૂર રાખ્યા.

અમારી પાસેથી જ હિદાયત મેળવી શકાય છે અને અજ્ઞાનતાના અંધકારમાંથી દૂર કરવાની દરખાસ્ત કરી શકાય છે.

યકીનથી ઇમામ તો બસ કુરયશમાંથી થશે જે આ જ કુટુંબની પેઢી બની હાશમના ઘરાનામાંથી હશે. તે સિવાય ઇમામત બીજા કોઇને શોભતી નથી. અને ન તો તેઓની સિવાય બીજું કોઇ તેને લાયક છે.'' (નહજુલ બલાગાહ ખુત્બો ૧૪૪, પા. ૨૦૦-૨૦૧, સજી સાલેહ)

આ લખાણોથી એ વાત પૂરેપૂરી સ્પષ્ટ છે કે ઇમામત અને ખિલાફતના સાચા અને ખરેખરા હકદાર માત્ર અહલેબયત અલયહેમુસ્સલામ છે. જે લોકોને હિદાયતનો માર્ગ દેખાડી શકે છે અને જન્નત સુધી પહોંચાડી શકે છે. જો કોઇ તેઓની સિવાય કોઇ બીજાને પોતાના માર્ગદર્શક, ઇમામ અને હિદાયત કરનારા માનશે તો તે યકીનથી મુક્તિ મેળવવાને પાત્ર નહીં રહે.

હઝરત અલી અલયહિસ્સલામે જ્યારે મોહમ્મદ બીન અબુબક્રને મીસરના હાકીમ બનાવ્યા ત્યારે તેમના નામે એક પત્ર લખ્યો. જેમાં આ વાક્ય હતું,

''હિદાયતની તરફ માર્ગદર્શન આપનારા અને હિદાયતની તરફ લઇ જનારા - નબીના દોસ્ત અને નબીના દુશ્મન બંને એક સમાન ન હોઇ શકે.'' (નહજુલ બલાગાહ પત્ર-૨૭, પાના ૩૮૫)

આ વાક્યમાં હઝરત અલી અલયહિસ્સલામ લોકોના અંતર આત્માને જાગૃત કરી રહ્યા છે. તેઓના દિલ અને દિમાગને અપીલ કરી રહ્યા છે. જરા આંખો ખોલો અને અક્કલની નજરથી જુઓ. ઠંડા દિલ અને દિમાગથી ફેંસલો કરો. શું હિદાયત અને જન્નતની તરફ દાવત દેનારા અને ગુમરાહી અને જહન્નમની તરફ બોલાવનારા સમાન હોય શકે ? ક્યારે પણ નથી હોઇ શકતા. જાગૃત થાઓ અને ખુદ પોતાનો ફેંસલો કરો.

## હિદાયતનો સિલસિલો :-

જ્યારે આ વાત સ્પષ્ટ થઇ ગઇ કે ઇમામત અહલેબયત અલયહેમુસ્સલામનો હક છે. જો તેઓની સિવાય બીજું કોઇ તેનો દાવો કરે તો તે જાલીમ અને જુઠ્ઠો છે.

હઝરત રસુલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેની એક હદીસ છે. જે તમામ આલીમો અને હદીસકારોએ જુદાજુદા અંદાજથી પોતપોતાની વિશ્વસનીય કિતાબોમાં નકલ કરી છે. હદીસના લખાણો જરૂર જુદા જુદા છે. પરંતુ તેનો હેતુ એક સમાન છે. હદીસ આ છે :-

''આ ઉમ્મતના બાર સરપરસ્ત અને રહનુમા હશે અને તે બધાજ કુરૈશથી હશે. જે તેઓને છોડી દેશે તે તેઓને કોઇ નુકસાન નહીં પહોંચાડે.'' (એટલે છોડી દેનાર ખુદ નુકસાન ઉઠાવનારાઓમાંથી હશે. કારણ કે તેનું મોત જાહેલિય્યતનું મોત હશે.)

આ બધી રિવાયતોનો હેતુ એ છે કે રસુલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસ્સલમની પછી કયામતની સવાર સુધી આ ઉમ્મતના માત્ર બાર ઇમામ અને રેહનુમા હશે અને તે બધાજ કુરૈશથી હશે. હઝરત અલી અલયહિસ્સલામનું એ કથન આવી ગયું કે આ ઇમામો કુરેશ કબીલાની પેઢી, બની હાશમના કુટુંબમાંથી હશે. એટલે હઝરત રસુલે ખુદા સ.અ.વ.ની વફાત પછી કયામતની સવાર સુધી આ ઉમ્મતના માત્ર બાર ઇમામ હશે અને તે બધાજ બની હાશીમના વંશમાંથી હશે.

હઝરત અલી અલયહિસ્સલામને પુછવામાં આવ્યું કે હઝરત રસુલે ખુદા સ.અ.વ.વ.ની હદીસ છે કે, ''હું તમારી દરમ્યાન બે અમુલ્ય વસ્તુઓને મુકીને જઇ રહ્યો છું. ખુદાની કિતાબ અને મારી ઇતરત.'' ઇતરતનો શું અર્થ છે ? હઝરત અલી (અ.)એ ફરમાવ્યું, ''હું, હસન, હુસયન અને હુસયનના વંશમાંથી નવ ઇમામ. તેઓમાના નવમા તેમના મહદી અને તેમના કાએમ હશે. ન તે ખુદાની કિતાબથી જુદા હશે અન ખુદાની કિતાબ તેમનાથી જુદી હશે. ત્યાં સુધી કે આ બધા હવ્ઝે કવસર ઉપર હઝરત રસુલે ખુદા સ.અ.વ.વ.ની મુલાકાત કરશે. (કમાલુદ્દીન ભાગ-૧, પા. ૨૪૦-૪૧)

હઝરત અલી અલયહિસ્સલામને આમીર બીન કસીરે પૂછ્યું, ''એ અમીરૂલ મોઅમેનીન ! આપે અમને કુફ્રના રેહનુમાઓ અને બાતીલના ખલીફાઓથી ખરબરદાર કર્યા. આપ અમને હકના રેહનુમા અને આપના પછી સાચા રેહનુમાઓથી ખબરદાર ફરમાવો.''

હઝરત અલી અલયહિસ્સલામે ફરમાવ્યું :

''હા, યકીનથી - હઝરત રસુલે ખુદા સ.અ.વ.વ. મારી સાથેનો વાયદો અને વચન છે કે આ દીનના બાર ઇમામ અને અમીર હશે. નવ હુસયનના વંશમાંથી હશે. હઝરત રસુલે ખુદા સ.અ.વ.વ.એ ફરમાવ્યું, ''જ્યારે હું મેઅરાજની સફરમાં આસમન ઉપર ગયો ત્યારે મેં અર્શના પાયાની તરફ જોયું. તેમાં લખ્યું હતું. લાએલાહ ઇલ્લલ્લાહ મોહમ્મદુન રસુલુલ્લાહ અય્યદતહુ બઅલી વ નુસરતહુ બઅલી. (ખુદાની સિવાય બીજો કોઇ મઅબુદ નથી. મોહમ્મદ અલ્લાહના રસુલ છે. અલીની જ થકી તેમને ટેકો મળ્યો અને અલીની થકી તેમની મદદ કરી) અને મેં બાર નૂર જોયા. મેં કહ્યું, પરવરદીગાર આ કોના નૂર છે. મને જવાબ આપવામાં આવ્યો, એ મોહમ્મદ આ આપના વંશના ઇમામોના નૂર છે. મેં કહ્યું, એ ખુદાના રસુલ, શું આપ મને તેઓના નામ નહીં જણાવો ? રસુલે ખુદા સ.એ ફરમાવ્યું, હા, જરૂર. તમે મારી પછી ઇમામ અને ખલીફા છો. તમે મારા કરજને અદા કરશો. મારા વાયદાઓને પૂરા કરશો. તમારી પછી તમારા બે ફરજન્દ હસન અને હુસયન. હુસયનની પછી તેમના ફરજન્દ અલી ઝયનુલ આબેદીન - અલીની પછી તેમના ફરજન્દ મોહમ્મદ, જેનું લકબ બાકીર છે - મોહમ્મદની પછી તેમના ફરજન્દ જાફર જેનું લકબ સાદિક છે. જઅફરની પછી તેમના ફરજન્દ મુસા, જેનું લકબ કાઝીમ છે. મુસાની પછી તેમના ફરજન્દ અલી, જેનું લકબ રઝા છે. અલીની પછી તેમના ફરજન્દ મોહમ્મદ, જેનું લકબ ઝકી છે. મોહમ્મદની પછી તેમના ફરજન્દ અલી, જેનું લકબ નકી છે. અલીના પછી તેમના ફરજન્દ હસન, જેનું લકબ અસ્કરી છે અને તેમના પછી હસનના ફરજન્દ કાએમ છે જેનું નામ મારૂં નામ છે. જે મારી સાથે સૌથી વધુ મળતા આવે છે. તે

દુનિયાને ન્યાય અને ઇન્સાફથી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે જુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે. (અલી ઇબ્ને અબી તાલીબ અ. મારવી અનહોત હવ્લુલ ઇમામલ મહદી અલયહિસ્સલામ ભા. ૧, પા. ૧૩૮)

આવી રીતે એક બે નહીં બલ્કે ૨૦ રિવાયતો હઝરત અલી અ.થી નક્લ થઇ છે. જેમાં સ્પષ્ટ રીતે લખવામાં આવ્યું છે કે હઝરત રસુલે ખુદા સ.અ.વ.વ.ની વફાતથી કયામતની સવાર સુધી પવિત્ર દીન ઇસ્લામમાં માત્ર બાર ઇમામો હશે. પછી એક એક નામ લઇને કહેવામાં આવ્યું (આ બધી હદીસો એ વખતે બયાન કરવામાં આવી છે જ્યારે જનાબે ઇસ્માઇલની વિલાદત પણ નહોતી થઇ. જેથી જાણવા મળે છે કે બાર ઇમામની યાદી જે રસુલે ખુદા અને હઝરત અલી અ.એ બયાન કરી તેમાં ક્યાંય પણ જનાબે ઇસ્માઇલનું નામ નથી. જ્યારે તે ઇમામ થનાર જ ન હતા ત્યારે તેમની પાસેથી ઇમામત છીનવી લેવાનો સવાલ જ નથી.

એક વાત એ પણ સ્પષ્ટ થઇ જાય છે કે જે બાર ઇમામની વાત રસુલે ખુદા સ.અ.વ.વ.એ હદીસમાં કરી છે તેમાં સૌથી પહેલાં અને પ્રથમ ઇમામ હઝરત અલી અ. છે. બારમા અને છેલ્લા હઝરત ઇમામ અસ્ર અલયહિસ્સલામ છે. જે હાલમાં આપણા જમનાના ઇમામ છે, જીવંત છે, આ દુનિયામાં જ છે, આપણી વચ્ચે છે. આપણે આપણા ગુનાહો અને નાફરમાનીઓના કારણે તેમના દિદારથી વંચીત રહીએ છીએ.

હઝરત અલી અલયહિસ્સલામના ખૂબજ વિશ્વાસુ સહાબી ''જનાબ અસબગ બીન નબાતની રિવાયત છે : ''હું હઝરત અલી અ.ની ખીદમતમાં હાજર થયો. મેં જોયું તો હઝરત વિચારમાં ડૂબેલા છે અને મુબારક આંગળીથી જમીન ઉપર કોઇ નિશાન બનાવી રહ્યા છે. મેં અરજ કરી, એ અમીરૂલ મોઅમેનીન શું વાત છે. હું આજે આપને બહુ વિચારમાં જોઇ રહ્યો છું કે આપ જમીન ઉપર નિશાનો બનાવો છો. શું આપ આ જમીનને જાણો છો?

આપે ફરમાવ્યું, ''ખુદાની કસમ એવું નથી. હું દુનિયાને ક્યારે પણ દોસ્ત નથી બનાવતો. પરંતુ હું એ ફરજન્દના બારામાં વિચારી રહ્યો છું જે મારી નસલમાંથી અગીયારમો પુત્ર હશે અને તે મહદી છે. તે જમીનને અદલ અને ઇન્સાફથી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે જુલ્મ અને અત્યાચારથી ભરી હશે. તેમના માટે એક ગયબત છે. જેમાં અમુક લોકો ગુમરાહ થઇ જશે અને અમુક લોકો હિદાયત મેળવશે.'' (કમાલુદ્દીન ભા. ૧, પા. ૨૮૮ થી ૯૭, અઅલામુલ વરા પા. ૪૦૦)

હઝરત અલી અલયહિસ્સલામે હિદાયત અને ઇમામતના સિલસિલાને કેવી રીતે સ્પષ્ટ અને પ્રકાશિત કરી દીધો છે. તેનાથી

મોટી ખરાબી અને દુશ્મનાવટ કઇ હશે કે ઇન્સાન આટલા સ્પષ્ટ અને પ્રકાશિત હિદાયત અને ઇમામતના સીલસીલાને છોડીને તે લોકોને પોતાના માર્ગદર્શક સ્વિકારે. જેમણે હઝરત અલી અ.નો હક છીનવી લીધો. જેમણે હઝરત ફાતેમા ઝહરા સલામુલ્લાહે અલયહાને બેહદ સતાવ્યા, તેમનો દરવાજો સળગાવી દીધો, જેમણે હઝરત અલી અ.ની વિરૂદ્ધ લડાઇ કરી, જેમણે હઝરત અલી અ.ની શહાદતની ખુશીઓ મનાવી, જેના કારણે કરબલાની ઘટના બની, જેના દીકરાઓએ હઝરત ઇમામ હુસયન અ.ને કરબલામાં કત્લ કર્યા, જેમણે અહલેબયત અ.ને બંદીવાન બનાવ્યા, જેમણે એક પછી એક પવિત્ર અહલેબયત અ.ને શહીદ કર્યા, જેની જીંદગી ઇસ્લામી તાલીમોથી ખાલી હોય, જે જાહેરમાં કુરઆનના હુકમોનો વિરોધ કરતા હોય, જે હરામ વસ્તુઓનો ઉપયોગ કરતા હોય, જે વાજીબાત છોડી દેતા હોય, જે વાસનાના ગુલામ હોય જે આખેરતને સંપૂર્ણ રીતે ભૂલી ગયા હોય, જે લોકો ખુદ હિદાયત વગરના હોય તે બીજાને શું હિદાયત આપી શક્શે.

હિદાયતનો માત્ર એક માર્ગ છે અને તે માર્ગ છે હઝરત અલી ઇબ્ને અબી તાલીબ અલયહિસ્સલામનો માર્ગ છે. હઝરત રસુલે ખુદા સ.અ.વ.વ.ની પછી બાર ઇમામો જેના પહેલાં હઝરત અલી અલયહિસ્સલામ અને છેલ્લા હઝરત ઇમામ મહદી અલયહિસ્સલામ છે. જે આપણા ઇમામ છે તે સિવાયના જેટલા સીલસીલા છે તેમાંથી કોઇપણ સાચો અને હિદાયતનો માર્ગ નથી. તેમાંનો એક પણ જન્નત અને આખેરતની ખુશનસીબી અને સફળતાનો જામીન નથી.

મારી આ ચર્ચાને હઝરત અલી અલયહિસ્સલામના આ બયાન ઉપર પૂરી કરતા દરેકને આ દાવત આપું છું કે પક્ષપાતી વલણ છોડી દઇને, વ્યક્તિગત લાભથી પર થઇને, પોતાની અક્કલ અને સમજ શક્તિને બાપદાદાના રીવાજોથી પાક-સાફ કરીને પોતાના અંતના બારામાં ખુદ ફેંસલો કરે. એવું ન થાય કે મોતનો ફરીશતો આવી જાય અને આપણે આપણા બારામાં કોઇ ફેંસલો ન કરી શકીએ. હજી સમય છે. કાલે મોડું થઇ જશે. આપણો ફેંસલો આપણને જન્નત અથવા જહન્નમની તરફ લઇ જશે. આપણે દુનિયાને ખાતર આખેરતને બરબાદ ન કરીએ.

''જુઓ, આ દુનિયા જેની તમે તમન્ના કરો છો, જેની તરફ ઇચ્છા અને અપેક્ષાથી આગળ વધો છો. તે ક્યારેક તમને ગુસ્સે કરે છે તો ક્યારેક તમને ખુશ કરી દે છે. આ તમારૂં અસલ ઘર નથી અને ન તો તમારૂં અંતિમ સ્થળ છે. જેના માટે તમને પૈદા કરવામાં આવ્યા છે. ન તે જગ્યા છે જેની તરફ તમને દાવત આપવામાં આવી છે.''

''જુઓ, જો તમે દીનના ઉસુલ સુરક્ષિત રાખ્યા તો પછી દુનિયાની કોઇ ચીજ ખોઇ દેવી તમને નુકસાન નહીં પહોંચાડી શકે અને દીનને છોડી દેવા અને બરબાદ કર્યા પછી તમને દુનિયાની કોઇ ચીજ નફો નહીં પહોંચાડે. જેને તમે સાચવી રાખી હોય.''

ખુદાવંદે આલમ અમારા અને તમારા દિલોના હકની તરફ ધ્યાન આપે, અમને અને તમને સબરની તૌફીક અતા કરે.'' (નહજુલ બલાગાહ ખુત્બો ૭૩, પા. ૨૪૮-૪૯, સજી સાલેહ)

# ઇમામતનું મહત્વ

અને

# ઇમામ અલયહિસ્સલામનો દરજ્જો

ઇમામત સૌથી મહત્વનો પ્રશ્ન છે. આ તે માટે મહત્વનો છે કે તે ખુદા સુધી પહોંચવા માટે એક માત્ર સૌથી વધુ વિશ્વસનીય માધ્યમ -ઝરીઓ છે. માત્ર ઇમામતના વાસ્તાથી ખુદાની સાચી મઅરેફત મેળવી શકાય છે. અને તેની ઇબાદત કરી શકાય છે. જો કોઇ આ માર્ગ સિવાય બીજી કોઇ રીતે ખુદાની મઅરેફત મેળવવા કે ઇબાદત કરવા ચાહે તો તેને ક્યારે પણ સફળતા નહીં મળે.

ઝિયારતે જામેઆ કબીરાના આ વાક્યો કેટલા પરીપૂર્ણ છે :

''બે અબી અન્તુમ વ ઉમ્મી નફસી વ અહલી વ માલી મન અરાદલ્લાહ બદઅ બેકુમ વ મન વહદહુ કબેલ અન્કુમ વ મન કસદહુ તવજ્જહ બેકુમ'' મારા મા-બા, હું ખુદ, મારા કુટુંબીઓ, મારો માલ - બધા આપ ઉપર કુરબાન. જેણે ખુદાની તરફ જવા ચાહ્યું તેણે આપથી શરૂઆત કરી, જેણે તેના એક હોવાનો સ્વિાકર કર્યો તેણે આપથી તૌહીદ કબુલ કરી, જે ખુદાને ચાહે છે તે આપની તરફ મુખ કરે છે.'' (મફાતિહુલ જીનાન ઉર્દુ તરજુમોપા.૧૦૦૭)

આ જ ઝીયારતમાં બીજી એક જગ્યાએ છે : ''મન અતાકુમ નજા વમન લમ યાતેકુમ હલક એલલ્લાહે તદઉન વ અલયહે તદુલ્લુન.'' જે આપની પાસે આવી ગયો તેણે નજાત મેળવી લીધી અને જે આપની પાસે ન આવ્યો તે હલાક થઇ ગયો. આપ અલ્લાહની તરફ દાવત આપે છે અને તેની ઉપર દલીલ કરે છે. (મફાતી ઉર્દુ તરજુમો પા. ૧૦૦૩)

ઝીયારતે જામેઆના આ થોડા વાક્યો ઉપર વિચાર કરવાથી જાહેર થાય છે કે, અહલેબયત અલયહિસ્સલામ જ એ છે કે તેઓના થકી ખુદા સુધી પહોંચી શકાય છે. તેની તૌહિદનો ઇકરાર કરી શકાય છે. તેની ઇબાદત કરી શકાય છે. અને કેમ ન હોય. આજ

હઝરતો છે જે ખુદાની તરફ દાવત આપે છે. અને માર્ગદર્શન આપે છે. કારણ કે ઇન્સાનને ઇબાદત માટે પૈદા કર્યો છે, ''મા ખલકતુલ જીન્ન વલ ઇન્સ ઇલ્લા લે યઅબોદુન'' ''અમે જીન્નાત અને ઇન્સાનને નથી પૈદા કર્યા સિવાય કે મારી ઇબાદત કરે.'' જો ઇન્સાન પોતાના સર્જનના હેતુને પ્રાપ્ત કરવા માગતો હોય તો તેણે ખુદાની ઇબાદત કરવી જોઇએ. અને ખુદાની ખરેખર ઇબાદત કરવા માટે અહલેબયત અલયહેમુસ્સલામના દરવાજે આવવું જરૂરી છે.

ઝીયારતે જામેઆના એ વાક્યોના પ્રકાશમાં જરા દોઆએ નુદ્બાના (આ ઇમામે ઝમના અલયહેમુસ્સલામથી મખ્સુસ એક દોઆ છે. જે દર જુમ્આ, બંને ઇદો અને ઇદે ગદીરના મોકા ઉપર પડવી મુસ્તહબ છે) આ વાક્યો જુઓ, ''અયન બાબુલ્લાહીલ્લઝી મિન્હો યુતા અયન વજહુલ્લાહીલ્લઝી એલયહે યતવજ્જહુલ અવલેયાઓ અયનસ્સબબુલ મુત્તસેલો બયનલ અર્ઝે વસ્સમાએ'' ''ખુદાનો તે દરવાજો કહ્યો છે જેના દ્વારા તેની બારગાહમાં પહોંચી જવાય છે. તે વજહુલ્લાહ ક્યાં છે જેની તરફ અવલેયા રૂખ કરે છે. આસમાન અને જમીનની વચ્ચેનો તે સંપર્ક ક્યાં છે.''

દરેક જમનાના ઇમામ ખુદા સુધી પહોંચવાનો ઝરીઓ છે. તે ઇમામે ઝમાનાના થકી ખુદાની તવહીદ અને એક હોવાનો એકરાર કરી શકાય છે. પછી તે જ ઇમામે અસ્ર થકી ખુદાની બારગાહમાં ઇબાદત કરી શકાય છે. તે ખુદાની હુજ્જત થકી ખુદાની બારગાહમાં પહોંચી શકાય છે. આ જમાનાના હઝરત હુજ્જત બીન અલ હસન અલ અસ્કરી અલયહસ્સલાતો વસ્સલામ ઇમામે ઝમાના અને હુજ્જતે ખુદા છે.

ખુદાની મઅરેફત અને ઇબાદત એટલે ખુદા સાથેનો ઇલ્મી અને અમલી સંપર્ક ઇમામતના અકીદાના પ્રકાશમાં મળે છે. ઇમામે અસ્ર અલયહિસ્સલામનો અકીદો તે દરવાજો છે જે ઇન્સાનને હકીકી ખુદા સુધી પહોંચાડે છે.

## ઇમામતનો દરજ્જો :-

ખુદાવંદે આલમે ઇમામતનો મહાન દરજ્જો અઇમ્મએ મઅસુમીન અલયહેમુસ્સલામને એમજ આપી નથી દીધો. કુરઆને કરીમની આ આયતમાં આ હકીકત તરફ ઇશારો કરવામાં આવ્યો છે. ''વજઅલ્ના મીન્હુમ અઇમ્મતન યહદુન બે અમ્રેના લમ્મા સબરૂ'' (અસ્સીજદહ : ૨૪)

''જ્યારે તેઓએ સબર કરી ત્યારે અમે તેઓમાંથી ઇમામ નિમ્યા જે અમારા હુકમથી હિદાયત કરે છે.''

આ ટૂંકી આયતમાં ચાર મહત્વની બાબતો ઉપર ઇશારો કરવામાં આવ્યો છે :-

**(૧) જઅલ્ના :** અમે તેઓને ઇમામ નીમ્યા. એટલે ઇમામ બનાવવાનો હક્ક માત્ર ખુદાને છે. બીજા કોઇને આ હક પ્રાપ્ત નથી. આ ઇમામ મુકર્રર કરવાનો સવાલ છે કોઇ મસ્જીદમં પેશનમાઝનો નહીં.

**(૨) મીન્હુમ :** ખુદાએ અમુકને આ દરજ્જા ઉપર નિમણુક કરી છે. એટલે દરેક આ દરજ્જાને લાયક નથી. ખુદા લાયકાતો અને ગુણો જોઇને આ દરજ્જો આપે છે.

**(૩) યહદુન બે અમ્રેના :** અમારા ફરમાન અને હુકમથી આ હિદાયત કરે છે.

આ દુનિયામાં બે વ્યવસ્થા છે : (૧) ખલ્ક (૨) અમ્ર- ખલ્કની વ્યવસ્થા તે એ વ્યવસ્થા છે કે જે જાહેર ચીજ વસ્તુથી અસ્તિત્વમાં આવે છે. નુત્ફો ધીરે ધીરે ઇન્સાન બને છે. બીજ ધીરે ધીરે વિશાળ વૃક્ષનું રૂપ ધારણ કરે છે. અમ્રની વ્યવસ્થા એ વ્યવસ્થા છે કે જે ખલ્ક ઉપર શ્રેષ્ઠતા અને વિશેષતા ધરાવે છે. અહીં જાહેર ચીજ વસ્તુ, જગ્યા કે સમયની જરૂર નથી. 'કુન'નો ઇરાદો પુરતો છે. ઇન્નમા અમ્રોહુ એઝા અરાદ શયઅન અન યકુલો કુન ફયકુન. તેનો અમ્ર એ છે કે જ્યારે તે કોઇ વસ્તુનો ઇરાદો કરે છે ત્યારે કહે કે થઇ જા, અને થઇ જાય છે. એટલે કોઇપણ ચીજના અસ્તિત્વનો ઇરાદો કરી લેવો તે મોજુદ થવા માટે પુરતું છે. ન કોઇ ચીજ વસ્તુની જરૂર છે ન તો સમય અને સ્થળની. આ ઇમામો ખુદાના અમ્રથી હિદાયત કરે છે. જો કોઇને હિદાયતના માર્ગ ઉપર ચલાવવા ચાહે તો જમનાના ઇમામનો ઇરાદો તેને હિદાયત મેળવવા માટે પુરતો છે. જેવી રીતે ઇમામે હુસયન અલયહિસ્સલામે જનાબે ઝોહયર કયનની સાથે કર્યું હતું. માત્ર એક ટૂંકી મુલાકાતમાં ઝોહયર કયનને બદલી નાખ્યા હતા. આવા પ્રકારની હિદાયત મેળવવાને લાયક બનવા માટે ઇન્સાન ન પોતાને તે દરજ્જા અને સ્થાન સુધી પહોંચાડી દે, જ્યાંથી આ હિદાયતનો જીવંત પ્રવાહ વહેતો હોય. આળસ આપણી છે. જમીનમાં એ ગુણ હોવો જોઇએ કે વરસાદના પવિત્ર ટીપાંઓને પોતાનામાં સમાવી શકે અને બગીચો તૈયાર કરી શકે. આ હિદાયતે અમ્ર હઝરત વલી અસ્ર અલયહેમુસ્સલામના સ્વરૂપે હાલમાં મૌજુદ છે. ઇન્તેઝાર શરત છે.

**(૪) લમ્મા સબરૂ :** આ વાક્ય દર્શાવે છે કે આ હઝરાતોને ઇમામતનો મહાન હોદ્દો શા માટે આપવામાં આવ્યો. આ તો ખરેખર કુરઆને કરીમની કરામત છે કે તેણે ઇમામત જેવા મહાન હોદ્દાને આ રીતે બે વાક્યોમાં રજૂ કરી દીધો. જાણે કે કુંજામાં દરિયાને સમાવી દીધો. લમ્મા સબરૂ-થી ઇમામતના પાયાને બયાન કરી દીધો અને યહદુન બે અમ્રેના-થી ઇમામતની જવાબદારીને

જાહેર કરી દીધી. આ કેવા પ્રકારની અને કેવા પાયાની સબર છે જેની પછી ઇમામતનો હોદ્દો આપવામાં આવે છે.

## સબરની શરૂઆત :-

સબરના જુદાજુદા દરજ્જાઓ છે.

તેના ત્રણ પ્રકાર છે. ગુનાહો ઉપર સબર, દુઃખો ઉપર સબર અને ઇચ્છાઓ ઉપર સબર. અહીં તેની વિગતો આપવાનો હેતુ નથી.

સબર શરૂ થાય છે ઓછી વાતચીત કરવાથી, જીભ ઉપર કંટ્રોલ કરવાથી, નફસને એ વાતથી રોકવું કે જેથી અર્થહીન વાતો ન કરે. કારણ વગર જીભ ન ચલાવે. જીભથી માત્ર એટલા જ શબ્દો બોલવા જેની જરૂરત હોય. આ સબરનો પહેલો પ્રકાર છે. અને તેની અસરો છે રૂહાની ક્રિયામાં સાંત્વન ઉપર ખુબ ભાર મુકવામાં આવ્યો છે. જીભની સાથે નજરને પણ પોતાના કંટ્રોલમાં રાખવી. દિલ આ બંને ચીજોમાં અર્થહીન કામોમાં ઘણો વધુ ઉપયોગ કરે છે.

## સંપૂર્ણ સબર :-

પછી ધીરે ધીરે દુનિયાની નેઅમતો ઉપર સબર. દુનિયાની કોઇપણ નેઅમતથી દિલને બાંધી ન લેવું. કોઇ પણ લજ્જતને દિલમાં સ્થાન ન આપવું. ક્યારે પણ કોઇ નફસાની ખ્વાહીશને દિલમાં આવવા ન દેવી. દોઆએ નુદ્બામાં છે :- ''બઅદ અન શરતોત અલયહેમુર રોહદ ફી દરજાતે હાઝેહી દુનિયા દનીયહ વઝુખ્રોફહા વઝેબેરેજહા ફશરતુલક ઝાલેક વ અલીમ્ત મીન્હોમુલ વફાઅ બેહે ફકબલતેહુમ વકર્રબ્તહુમ વકદ્દમત લહોમુલ ઝીક્રલ અલીય્યે...'' જ્યારે તે તેઓની સાથે એ શરત કરી કે તે આ પસ્ત દુનિયાની રંગીનીઓ અને ઝાકઝમાળમાં પરહેઝગારી અખત્યાર  કરશે અને તેમાં દિલ નહીં લગાડે ત્યારે તેઓએ આ શરત સ્વિકારી અને જ્યારે તેં એ જોયું કે તેઓએ આ શરતને સંપુર્ણ રીતે પાર ઉતારી છે ત્યારે તેં તેઓને પસંદ કર્યા, તેઓને નજદીક કર્યા, તેઓના ıમટે શ્રેષ્ઠ ઝીક્ર અને જાહેર ખુબીઓ અને પ્રશંસાને રજૂ કરવામાં આવ્યા અને મલાએકાઓને ઉતાર્યા.

દુનિયાની નેઅમતો ઉપર સબર કરવી તે સબરનો એક ભાગ છે. હજી તેની આગળ પણ ઘણું છે.

દુનિયાની આગળ બરઝખ છે. બધા વિચારો ઉપર કંટ્રોલ. તમામ કાલ્પનિ ચહેરાઓ ઉપર કાબુ. આ દુનિયાની નેઅમતો ઉપર સબર કરવાથી વુ મુશ્કેલ છે. ઇન્સાન દુનિયાની રંગીનીઓથી મોઢું ફેરવી શકે છે. પરંતુ દિલમાં આવતા વિચારો પણ તેના કાબુમાં

હોય, નફ્સ ઉપર એટલો કંટ્રોલ હોય કે કોઇ વિચાર રજા વગર દિલમાં આવવા ન પામે. આ બહુજ મુશ્કેલ છે. આપ માત્ર થોડી પળો માટે પોતાના નફ્સને ભળતા વિચારોથી પાક રાખો. આપનું ધ્યાન બીજે ક્યાંય ન જવા પામે. માત્ર એકજ બિંદુ ઉપર કેન્દ્રીત રહે. આપને થોડીજ વારમાં અંદાજ થઇ જશે કે આ કામ કેટલું મુશ્કેલ છે. જ્યાં થોડી પળો પણ શક્ય ન હોય ત્યાં આખી જીંદગી પોતાના નફ્સને દરેક પ્રકારના વિચારોથી સુરક્ષિત રાખવું તે સબરનો એ તબક્કો છે જે દુઃખો ઉપર સબર કરવા કરતા વુ મુશ્કેલ છે. અહીં અક્કલ હેરાન પરેશાન છે.

હઝરત ઇમામ હુસયન અલયહિસ્સલામ ભરપુર દુઃખો વચ્ચે ઘેરાએલા હોવા પછી પણ ફરમાવે છે, બિસ્મીલ્લાહે વ બિલ્લાહે વફી સબીલિલ્લાહ જ્યારે ઝખ્મોથી ચ્રુર થઇને, દિલ ઉપર તીર ખાઇને, પોતાનું ખૂન ચહેરા ઉપર લગાડીને ઘોડા ઉપરથી જમીન ઉપર આવે છે ત્યારે આ ફરમાવે છે :- બિસ્મીલ્લાહે વ બીલ્લાહે વફી સબિલિલ્લાહ. અલ્લાહના નામથી, અલ્લાહની તાકાતથી અલ્લાહની રાહમાં. આવા સમયે પણ કોઇ વિચાર હઝરત ઇમામ હુસયન અલયહેમુસ્સલામને અલ્લાહની તરફના ધ્યાનથી વિચલિત કરી ન શક્યો. અલ્લાહો અઅલમો હયસ વજઅલો રિસાલતેહી. અલ્લાહ ખૂબ સારી રીતે જાણે છે કે હોદ્દો કોને અર્પણ કરે.

દુનિયાની પછી આખેરત છે. આખેરતની કોઇપણ ચીજ પોતાની તરફ ધ્યાન દોરી ન શકે. ન જન્નતની ભરપૂર નેઅમતો, ન જહન્નમનો દર્દનાક અઝાબ, ન તો મહેશરના મેદાનના તબક્કાઓ. મવલાએ કાએનાત હઝરત અલી બીન અબી તાલીબ અલયહિસ્સલામનો આ કોલ કેટલો વિદ્વતાભર્યો અને સંપુર્ણ છે. ''ઇન્ન કવમન અબ્દુલ્લાહે રગ્બતન ફતિલ્ક એબાદતુત તુજ્જારે વ ઇન્ન કવમન અબ્દુલ્લાહે રહબતન ફતિલ્ક એબાદોતલ અબીદો વઇન્ન કવમન અબ્દુલ્લાહે શુકરન ફતિલ્ક એબાદતુલ અહરાર.'' (નહજુલ બલાગાહ કલેમાતે હીકમત : ૨૩૮)

અમુક લોકોએ સવાબને ખાતર ઇબાદત કરી. આ વેપારીઓની ઇબાદત છે. અમુક લોકોએ અઝાબના ડરથી ઇબાદત કરી. આ ગુલામોની ઇબાદત છે. અમુક લોકોએ અઝાબના ભયથી ઇબાદત કરી. આ ગુલામોની ઇબાદત છે. અમુક લોકોએ નેઅમતોના શુક્ર માટે ઇબાદત કરી. આ આઝાદ લોકોની ઇબાદત છે.

નફ્સ ઉપર એટલો કાબુ કે ઇબાદત કરવામાં ન જન્નતની નેઅમતો ખ્યાલ હોય, ન જહન્નમના અઝાબની કલ્પના. આ સ્થાન ઉપર પહોંચવા માટે કેટલી સબર જરૂરી છે. આ સ્થાનમાં પણ નફ્સ ઉપર કંટ્રોલ રાખવા માટે ભરપૂર સબર રાખવાનો તકાજો છે.

## સંપૂર્ણ બંદો :-

ખુદાની ઇબાદત માત્ર ખુદા માટે. કોઇપણ વસ્તુ ખુદાની ઇબાદતમાં ભળતી નથી. એટલે કે ઇબાદતનો હેતુ પરવદિગારની ખુશ્નુદી સિવાય બીજું કાંઇ નથી. ન દુનિયા, ન બરઝખ, ન આખેરત. આ સાવ સ્પષ્ટ બાબત છે. જેણે પોતાની જાતને ખુદાની મોહબ્બતમાં ફના કરી દીધી હોય, જેનો કમાલ બંદગી હોય, તેની નજરમાં બાકીની ચીજોનું શું મહત્વ ? બલ્કે બધી વસ્તુઓ તેને માટે હલ્કી અને તાબે છે. તેઓના હુકમ, બલ્કે તેઓના ઇરાદાઓ, ઇતાઅત કરનારા અને પાલન કરનારા છે. ઝીયારતે નાહીયામાં છે : ''વ ઝલ્લ શયઇન લકુમ'' દરેક વસ્તુ આપના માટે હલ્કી છે. આપને તાબે છે. આપની ઇતાઅત કરનાર અને પાલન કરનાર છે. ઇમામ માત્ર ઇન્સાનો, અથવા દુનિયાના ઇમામ નથી. બલ્કે સમગ્ર બ્રહ્માંડના ઇમામ છે. આ બીના ઉપર ઇમામે અસ્રની મહેરબાનીથી વરસાદ વરસે છે. ઇમામના કારણે જમીન અને આસમાન અસ્તિત્વમાં છે. ઇમામના લીધે મુશ્કેલીઓ દૂર થાય છે.

અબ્દીય્યતના આ કમાલના દરજ્જા ઉપર પહોંચીને ઇન્સાન ખુદાની ખુબીની નિશાની બની જાય છે. બંદો થઇને અલ્લાહની પરવાનગીથી વિશ્વનો ઉછેર કરે છે. દરેકને તેની રોજી પહોંચાડે છે. અને જીવનની જરૂરિયાતો પુરી પાડે છે. જેથી દરેક પોતાના કમાલને મેળવે. માટે ઇમામે અસ્ર માટે છે : બે વોજુદેહી સબતેતલ અર્ઝો વસ્સમાઓ વબે યુન્નેહી રોઝેકુલ વરા. તેમના અસ્તિત્વના સદકામાં જમીન અને આસમાન કાયમ છે અને તેમની બરકતથી દુનિયાને રોજી મળી રહી છે. રોજી દેવાવાળો અલ્લાહ છે. પરંતુ ઇમામે ઝમના અ.ની મારફતે. હાલમાં ખુદાની બારગાહમંથી દુનિયાને જે લાભ મળી રહ્યો તે બધો હઝરત હુજ્જત બીન અલ હસન અલ અસ્કરી અલયહિસ્સલામની મારફતે મળી રહ્યો છે. જ્યારે ત્યાંથી દરેક ચીજ ઇમામે ઝમાના અલયહિસ્સલામના વાસ્તાથી મળી રહી છે ત્યારે અહીંથી જનારી ઇબાદતો અને દોઆઓ તેજ સમયે ખુદાની બારગાહમાં હાજર અને કબુલ થવાનું માન પ્રાપ્ત કરશે જ્યારે તે ઇમામ ઝમાના અ.ના મારફતે જશે. ઇમામ અલયહિસ્સાલમની ભરપુર મહેરબાનીઓને જોઇને બલ્કે મહેસુસ કરીને શરમથી આ કહેવું પડશે :

''એ ઇમામે અસ્ર ! એક લાંબા સમયથી અમે આપની નેઅમતોના દસ્તરખાનથી લાભ ઉઠાવી રહ્યા છીએ. આપના નામ ઉપર જીવન પસાર કરી રહ્યા છીએ. આપના થકી ખુદા પાસેથી નેઅમતો મેળવી રહ્યા છીએ. આપની બરકતથી અમારી રૂહ અને શરીરને ઉછેરી રહ્યા છીએ. આપની ખાતર અલ્લાહનો ફૈઝ અમારા સુધી પહોંચી રહ્યો છે. પરંતુ જ્યારે પણ અમે અમારા આમાલનામા

ઉપર નજર કરીએ છીએ અને અમારી અંદર નજર કરીએ છીએ ત્યારે સાફ દેખાય છે કે હજુ સુધી આપની સાચી મઅરેફત મેળવી નથી શક્યા. આપના સ્થાનને ઓળખી નથી શક્યા. આપની ઉપર એટલો જુલ્મ કરેલ છે કે ખબર નથી કાલે ખુદા અમારી સાથે કેવો વર્તાવ કરશે. ડગલેને પગલે આપની પાસેથી લાભ ઉઠાવ્યો છે. પરંતુ આપના માટે કાંઇ નથી કર્યું. આપના નામથી આબરૂ મેળવી, પરંતુ આપના નામને બુલંદ ન કર્યું. આપનો વાસ્તો આપીને રોજી મેળવી પરંતુ આપની રાહમં કાંઇ ખર્ચ ન કર્યો. આપનો દરેક જગ્યાએ અમારા સ્વાર્થ ખાતર ઉપયોગ કર્યો, પરંતુ આપની ખાતર જરાપણ તકલીફ સહન ન કરી.

એ યુસુફે ઝેહરા ! અમે યુસુફના ભાઇઓની જેમ આપની બારગાહમાં શરમિન્દા છીએ. અમે આપના ઉપર ઘણો જુલ્મ કર્યો છે. અમે ખતાકાર છીએ. માફીના તલબગાર છીએ.''

## ઇમામે ઝમાના અલયહિસ્સલામની સબર :

વર્તમાન સંશોધનના પ્રકાશમાં એ વાત સાબિત થઇ ચૂકી છે કે ભૂતકાળના પ્રસંગો વાતાવરણમાં મૌજુદ છે. આપણી દ્રષ્ટિ એટલી બધી ટૂંકી છે કે આપણે તે હકીકતો સુધી પહોંચી શકતા નથી. નફસની એક ખાસ પ્રક્રિયા છે. જો કોઇ તેને સંપુર્ણ રીતે પુરી કરે તો તે આશુરાના દિવસની ઘટનાઓ પોતાની આંખોથી જોઇ શકે છે. પરંતુ અમુક ઘટનાઓ એવી છે કે જે જોવી સહન થઇ શકે તેમ નથી. પરંતુ આ બધી ઘટનાઓ હઝરત ઇમામે અસ્રની સામે છે. તે સિવાય જયાં ઇમામે ઝમાના અ. રહે છે ત્યાં ઇમામ હુસયન અલયહિસ્સલામનું પહેરણ ઇમામે અસ્રના માથા ઉપર લટકી રહ્યું છે. અને તેમાંથી તાજુ ખુન ટપકી રહ્યું છે. ઝહુર સુધી આજ દ્રષ્ય રહેશે.

આ બધા દુઃખો અને ઝુલ્મોને પોતાની આંખોથી જોવા અને તેના ઉપર સબર કરવી. જે દુઃખોને સાંભળીને સહન કરવા મુશ્કેલ છે તે જોઇને સહન કરવા કેટલું બધું મુશ્કેલ બલ્કે અસહનીય છે. ઇમામે ઝમાના અલયહિસ્સલામની સામે માત્ર કરબલાના બનાવો જ નહીં, જનાબે ઝહરા, જનાબે અમીર, ઇમામ હસન.. ઇમામ હસન અસ્કરીઅ. સુધીના દરેક ઇમામ ઉપર થએલા જુલ્મો, તે સિવાય એ જુલ્મો જે તેમના દોસ્તો, ચાહનારાઓ અને શીયાઓ ઉપર થઇ રહ્યા છે. તે બધા ઇમામે અસ્રની નજરની સામે છે. આ બધા જુલ્મોને જોવા અને સહન કરવા, અખત્યાર હોવા પછી પણ ખુદાના હુકમથી ગયબતમાં રહેવું અને સબર કરવી. જો આ બાબતો ઉપર કોઇ ધ્યાનપુર્વક વિચાર કરે તો તેને અંદાજ આવી જશે કે ઇમામે અસ્ર અલયહિસ્સલામ કેટલા મઝલુમ છે અને એ

પણ એહસાસ થઇ જશે કે આવા સમયે તેમના માટે ઝહુરની દોઆ કરવી કેટલી જરૂરી છે. તેમના ઝહુર માટે પૂર્વ ભુમિકા બાંધવી, લોકોને તેમની નજદિક કરવા, લોકોના દિલમાં ઇમામની તડપ પૈદા કરવી તે આપણી મુખ્ય જવાબદારી છે. એવું ન બને કે આપણી આળસથી ઇમામની મઝલુમિય્યતમાં વધારો થાય. તે સમયે આપણે આપણા ઇમામને શું મોઢું બતાવશું અને ખુદાને શું જવાબ આપશું.

આશાની આ વાતો ઉપર વિચાર કરવાથી આયતનું આ વાક્ય ''લમ્મા સબરુ''ના મહત્વનો અંદાજ આવી ગયો હશે.

આવો ! આપણે સૌ સાથે મળીને ખુદાની બારગાહમં ઇમામે અસ્ર અલયહિસ્સલામ પ્રત્યેની આપણી બેદરકારીની માફી માગવા અને જનાબે ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલયહાની મઝલુમીય્યતના વાસ્તાથી યુસુફે ઝહેરા હઝરત ઇમામ અસ્ર અલયહિસ્સલામના જલ્દીમાં જલ્દી ઝહુર માટે વિલાપ કરીને દોઆ કરીએ.

# પહેલા ખાસ નાએબ

# જનાબ ઉસ્માન બની સઇદ અમ્રવી

અલ-મુન્ઝરના વાંચકો ! ગયા વરસે (૧૫ શઅબાનુલ મુઅઝ્ઝમ હિ.સ. ૧૪૨૧ના વિશેષ અંકમાં) ''નયાબતની જરૂરત''ના શિર્ષક હેઠળ વિસ્તૃત લેખ આપ વાંચી ચૂક્યા છો. તે લેખને પ્રસ્તાવના રૂપે ગણીને હવે ઇન્શાઅલ્લાહ એક એક ખાસ નાએબના જીવન ઉપર વિસ્તૃત પ્રકાશ પાડીશું.

હઝરત મહદી અલયહિસ્સલામના પહેલા નાએબ હઝરત ઉસ્માન બની સઇદ અમ્રવી હતા. શયખુલ તાએફ જનાબ મોહમ્મદ બીન હસન તુસી પોતાની બહુ મુલ્ય કિતાબ 'અલ-ગયબતા'માં પવિત્ર ઇમામોના જે પ્રતિનિધિઓ સફર કરતા હતા તેઓને તેમણે નેકીઓ અને સદગુણોથી યાદ કર્યા છે. તેઓમાં પહેલા જેણે હઝરત હાદી અ. અને હઝરત ઇમામ હસન અસ્કરી અ.એ વિશ્વસનીય અને મજબુત ગણ્યા છે તે અબુ ઉમર ઉસ્માન બીન સઇદ અમ્રવી રહમતુલ્લાહે અલય્ય છે. (અલ-ગયબતા શૈખ તુસી પા. ૩૫૩)

**નામ અને લકબ :**

આપનું નામ ઉસ્માન હતું, પિતાનું નામ સઇદ. લોકમુખે આપનું નામ ''હફ્સ બીન અમરૂ'' લખાયું છે. પરંતુ આલીમોએ આ ખોટું ગણ્યું છે. આપનું નામ ઉસ્માન બીન સઇદ જ દેખાડ્યું છે.

આપની બે કુન્નીયત લખવામાં આવી છે. (૧) અબુ અમરૂ (૨) અબુ મોહમ્મદ. અબુ અમરૂ એટલા માટે કે આપના પરદાદા અમરૂ હતાં. અને અબુ મોહમ્મદ એટલા માટે કે આપના પુત્રનું નામ મોહમ્મદ હતું. પરંતુ રિવાયતી કિતાબોમાં આપની કુન્નીયત અબુ અમરૂ જ લખવામાં આવી છે. અલબત્ત, સફીનતુલ બેહાર અને બેહારૂલ અન્વારમાં અબુ મોહમ્મદ લખવામાં આવી છે.

શીયાઓમાં આપ ચાર લકબોથી મશહુર છે.

**(૧) સમાન અથવા ઝેયાત (લે-વેચ-ટ્રેડીંગ)**

આપને આ લકબથી એટલા માટે યાદ કરવામાં આવે છે કે આપ નાએબ અને વકીલના હોદ્દાને સામાન્ય લોકોથી છુપાવી રાખવા માટે તેલનો વેપાર કરવા લાગ્યા. તેના થકી તે સમયના ખલીફાના ડરથી પોતાને અને અહલેબયત અ.ના શીયાઓને સલામત રાખ્યા. આપની રીત એ હતી કે જે માલ અને અમાનતો શીયા ગ્રહસ્થો ઇમામ હસન અસ્કરી અ. માટે લાવતા હતા તે આપ લઇ લેતા હતા અને અબ્બાસી હકુમતના ડરથી તે અમાનતોને તેલના વાસણોમાં રાખીને ઇમામ અલયહિસ્સલામના ઘરે પહોંચાડતા હતા. (અલ-ગયબતા પા. ૩૫૪)

આપ પોતાની નયાબતના અસરકારક હેતુને છુપાવી રાખવા માટે તેલની બજારમાં સૈનિકો માટે તેલ અને બીજી વસ્તુઓ સપ્લાઇ કરતા હતા. (રોઝગાર રેહાઇ - લેખક કામીલ સુલયમાન ભાગ-૧/૨૯૧)

**(૨) અસદી :-**

આપ બની અસદના કુટુંબથી સબંધ ધરાવતા હતા. તેથી તેમને અસદી પણ કહેવામાં આવે છે.

**(૩) અસ્કરી :**

આપ સામર્રાના અસ્કરી મોહલ્લામાં રહેતા હતા. તેથી આપને અસ્કરી કહેવામાં આવે છે.

**(૪) અમ્રવી ર.અ. :**

ઉસ્માન બીન સઇદ ર.અ.ના અમ્રવી લકબથી કોઇએ વિરોધ નથી કર્યો. એટલે તમામ આલીમો આપને અમ્રવી ર.અ. કહે છે. અલબત્ત રેજાલની હદીસના આલીમોએ અમ્રવી હોવાની નિશાનીનો વિરોધ કર્યો છે. શયખ અલ-તાએફ મોહમ્મદ બીન હસન

જે સંશોધન આ બારામાં રજૂ કર્યું છે તેનો ખુલાસો લખી રહ્યા છીએ.

પહેલી વાત એ છે કે ઉસ્માન બીન સઇદના દાદાનું નામ અમરૂ હતું. તેથી તેમને અમ્રવી કહેવામાં આવ્યા. બીજી વાત એ કે અમુક આલીમો એમ કહે છે કે હઝરત ઇમામ હસન અસ્કરી અ. એ વાતથી રાજી ન હતા કે ઉસ્માન (ત્રીજા ખલીફા) બીન અફાનનું નામ અને તેની કુન્નીયત અબુ અમરૂ એક માણસમાં ભેગી થાય. તેથી ફરમાવ્યું કે તેમની કુન્નીયત અબુ અમરૂ હતી તે બદલી નાખો અને અમ્રવી કહો. (અલ-ગયબતા પા. ૩૫૪)

## ઉસ્માન બીન સઇદ ત્રણ ઇમામ અ.ના ખાસ વકીલ :-

જનાબ શયખ તુસી રહ.એ લખ્યું છે કે આપ અગીયાર વરસના થયા ત્યારે ઇમામ હાદી અલયહિસ્સલામની ખીદમતની જવાબદારી લઇ લીધી અને આપે હઝરતને વાયદો અને વચન આપ્યું.

શયખ અલયહિર્રહમાએ ઇમામે હસન અસ્કરી અલયહિસ્સલામની ચર્ચા કરતા લખ્યું છે કે ઉસ્માન બીન સઇદ અમ્રવી ર.અ. ઉચ્ચ બુઝુર્ગી ધરાવનારા હતા અને આપ હઝરત હસન અસ્કરી અ.ના વકીલ હતા. વધુમાં ફરમાવે છે કે આપ સાહેબુઝ્ઝમન અલયહિસ્સલામના વકીલ હતા અને શીયાઓમાં આપનું ઘણું ઉંચુ સ્થાન, બુઝુર્ગી અને ઇઝ્ઝત હતી.

જનાબ શયખ તુસી ર.અ.ના આ કથનથી સ્પષ્ટ રીતે જણાય છે કે આપની ગણના ત્રણ ઇમામોના સાથીદારોમાં થાય છે.

ઇબ્ને દાઉદ હિલ્લી પોતાના સંગ્રહમાં મરહુમ કહ્યાઇએ મજમઉર્રેજાલમાં, મરહુમ સય્યદ મોહમ્મદ મહદી બહરૂલ ઓલુમે પોતાના સંગ્રહમાં તેવીજ રીતે અન્ય રેજાલની કિતાબોમાં જેમકે તન્કીહુલ મકાલ, કામુસર્રેજાલ, મઅજમુર્રેજાલ, અલ હદીસ વગેરેમાં આપના ત્રણ ઇમામોના સહાબી હોવાનો નિર્દેશ કરેલ છે.

<u>નોંધ :-</u>

ડોક્ટર જાસીમ હુસયને પોતાની કિતાબ 'તારીખે સિયાસી ગયબતે ઇમામ દવાઝદહમ અ.'-માં ઉસ્માન બીન સઇદ અમ્રવી ર.અ.ને અબુ જઅફર ઇમામ જવાદ અલયહિસ્સલામના અસ્હાબમાં સમાવેશ કરેલ છે. ઇબ્ને શહર આશુબે 'મનાકેબે આલે અબી તાલીબ', મરહુમ શયખ અબ્બાસ કુમ્મીએ 'સફીનતુલ બહાર', મરહુમ અલ્લામા હિલ્લી વિગેરેએ પણ આપને ઇમામ જવાદના સહાબીમાં ગણાવ્યા છે.

છે. જે કાંઇ તે કહે તે અમારી તરફથી કહેશે અને જે કાંઇ તમને આપે તે અમારી તરફથી આપશે. (બેહારૂલ અન્વાર ૫૧/૩૪૪)

આ કથનથી જાણી શકાય છે કે ઇમામ હાદી અલયહિસ્સલામ જનાબ ઉસ્માન બીન સઇદ અલયહિર્રહમા ઉપર અસાધારણ વિશ્વાસ ધરાવતા હતા. આ ઉપરાંત એ પણ સમજી શકાય છે કે તેમનું કામ ઇમામ અ.ના સંદેશાઓ અને આપના હુકમોને લોકો સુધી પહોંચાડવાનું હતું. અને લોકોની જવાબદારી હતી કે નાએબે ઇમામની સૂચના મુજબ અમલ કરે.

ઇમામ હાદી (અ.)ની શહાદત પછી અહમદ બીન ઇસ્હાક હઝરત ઇમામ અસ્કરી અલયહિસ્સલામની ખીદમતમાં પહોંચ્યા અને એજ સવાલ દોહરાવ્યો. હઝરતે ફરમાવ્યું, ''હાઝા અબુ અમ્રૂ અસ્સેકતુલ અમીનુલ માઝી વસ્સેકતી ફી મહ્યા વલ્મમાતે ફમા કાલહુ લકુમ ફ અન્ની યકુલોહુ વમા અદયા એલયકુમ ફઅન્ની યોઅદ્દીહે.'' આ અબુ અમ્રૂ (ઉસ્માન બીન સઇદ) વિશ્વાસુ, ભરોસાપાત્ર અને અમાનતદાર છે. પાછળના ઇમામના માટે વિશ્વાસપાત્ર હતા. અમારી જીંદગીમાં અને અમારા મૃત્યુ પછી પણ અમારા વિશ્વાસુ અને ભરોસાપાત્ર છે (તે) જે કાંઇ તમને કહે તે અમારા તરફથી કહેશે અને જે કાંઇ તમને આપે તે અમારી તરફથી આપશે. (બેહારૂલ અન્વાર ૫૧/૩૪૪)

# ઇમામે ઝમાના અ.ની નયાબત

ઇમામ હસન અસ્કરી અ.એ ચાલીસ વ્યક્તિઓની હાજરીમાં ઉસ્માન બીન સઇદ અ.ર.ને ઇમામે ઝમાના અ.ના પહેલા નાયબ તરીકે નિમણુક કરી.

જઅફર બીન મોહમ્મદ બીન માલિક ફઝારી, અલી બિન બીલાલ, અહમદ બિન હેલાલ, મોહમ્મદ બિન મોઆવીય્યા બીન હકીમ, હસન બીન અય્યુબ બીન નૂહ – આ બધા ગૃહસ્થોએ નોંધ કરી છે કે અમે ઇમામ હસન અસ્કરી અ.ની ખીદમતમાં પહોંચ્યા. જેથી ખાસ કરીને આપ અ.ને પૂછે કે આપના પછી ઇમામ કોણ હશે. અમારી સિવાય બીજા ચાલીસ લોકો ત્યાં હાજર હતા. તેઓની વચ્ચે ઉસ્માન બીન સઇદ ઉભા થયા અને અરજ કરી, ''યબ્ન રસુલુલ્લાહ ! અમે આપની પાસે કાંઇક જાણવા માગીએ છીએ. જો કે તે આપ ખુદ સારી રીતે જાણો છો.'' આપે ફરમાવ્યું, ''એ ઉસ્માન બેસી જાઓ !'' પછી હઝરતના ચહેરાનો રંગ બદલાયો. આપ તેજ સ્થિતિમાં બહાર તશરીફ લઇ ગયા અને ફરમાવ્યું કે કોઇ બહાર ન આવે. થોડી વાર પછી આપે ઉસ્માન બીન સઇદને

બૂમ પાડી. તે પોતાની જગ્યા ઉપર ઉભા થઇ ગયા. પછી આપે ફરમાવ્યું, ''શું હું તમને જણાવું કે તમે લોકો શા માટે મારી પાસે આવ્યા છો ?'' લોકોએ કહ્યું : ''યબ્ન રસુલુલ્લાહ ! બયાન ફરમાવો.'' આપે ફરમાવ્યું : ''તમે આવ્યા કે જેથી મને પૂછો કે મારી પછી કોણ ઇમામ છે.'' લોકોએ કહ્યું : ''હા.'' તે વખતે અમે એક નવજવાનને જોયા જે ચાંદના ટૂકડાની જેવા હતા. અને ઇમામ હસન અસ્કરી અ.ને ઘણા મળતા આવતા હતા. હઝરતે ફરમાવ્યું : મારી પછી આ તમારા ઇમામ અને મારા વારસદાર છે. તેની તાબેદારી કરો. અને છુટા ન પડી જતા કે દીનના હુકમોમાં હલાકતમાં પહોંચી જશો. જાણી લો કે આજની પછી તેને જોઇ નહીં શકો ત્યાં સુધી કે તેની ઉમર કામીલ થઇ જાય. તે માટે ઉસ્માન બીન સઇદ તેની તરફથી જે કાંઇ ખબર આપે તે કબુલ કરો. ''ફ હોવ ખલીફતો ઇમામેકુમ વલ અમ્રો એલયહે'' તમારા ઇમામના પ્રતિનિધી છે અને અમ્ર (નયાબત) તેમના માટેજ છે.

## ઉસ્માન બીન સઇદ અમ્રવી ર.અ. વકીલોના વકીલ

ઇમામ હસન અસ્કરી અલયહિસ્સલામે એક લંબાણપૂર્વકનો પત્ર ઇસ્હાક બીન ઇસ્લમાઇલ નિશાપુરીને લખ્યો. તેના એક ભાગમાં લખે છે :- ''શહેરથી તે સમય સુધી બહાર ન નીકળતા જ્યાં સુધી ઉસ્માન બીન સઇદ અમ્રવી ર.અ. સાથે મુલાકાત ન કરી લો. અમારા સલામ તેમને પહોંચાડશો. તે ચારિત્ર્યશીલ અને અમાનતદાર છે અને અમારી સાથે સૌથી વધુ નજીકનો સંબંધ ધરાવે છે.''

ફકુલ્લો મા યુહમલો એલયના મીન કુલ્લે શયઇન મેનન નવાહી ફ એલયહીલ અસીરો આખરો અમ્રેહી લે યુસેલ ઝાલેક એલયના

જે કાંઇ માલ જુદાજુદા ઇલાકાઓમાંથી આવે છે તે બધો તેમના (ઉસ્માન બીન સઇદ ર.અ.) હાથોમાં પહોંચે છે. જેથી તે અમારા સુધી પહોંચે. (બેહાર ૫૪/૩૨૩)

<u>**નોંધ :**</u> આ પત્રથી સ્પષ્ટ રીતે ખબર પડે છે કે બધા શહેરોમાં જ્યાં ઇમામ અ.ના ઘણા વકીલો હતા અને આ બધા વકીલો શીયાઓ પાસેથી શરીયતની અમુક રકમો વસુલ કરતા હતા અથવા શીયા ગ્રહસ્થો તેમને તે રકમો ઇમામ અ. સુધી પહોંચાડવા માટે આપતા હતા તે પૂરેપૂરી ઉસ્માન બીન સઇદ અમ્રવી ર.અ.ની પાસે લાવતા અને ઉસ્માન બીન સઇદ ર.અ. ઇમામની ખીદમતમાં રજુ કરતા હતા.

**મઝહબી અને રાજકીય પરિસ્થિતિ અને ઉસ્માન બીન સઇદ અમ્રવી ર.અ. :**

ગયબતે સુગરાના સમયની માત્ર ઉપરછલ્લી પણ દ્રષ્ટિ કરવામાં આવે તો જણાય છે કે નયાબતની જવાબદારી સરળ ન હતી. હકુમતના જાસુસો સતત રીતે શીયાઓ ઉપર ચાંપતી નજર રાખતા હતા. ખાસ કરીને ઇમામની ખાસ અને વિશ્વાસપાત્ર વ્યક્તિઓ ઉપર.

એક તરફ હકુમતનો ભય તો બીજી તરફ શીયાઓનું જુદાજુદા ફીરકાઓમાં વહેંચાઇ જવું. (જુઓ અલ-મુન્તઝર ખાસ અંક ૧૫ શઅબાન હિ. ૧૪૨૦ પા. ૪-૫-૬) આવી પરિસ્થિતિમાં નયાબતની જવાબદારી એક મુશ્કેલ કામ હતું. પરંતુ ઇમામે ઝમાના અ.ના ખાસ ધ્યાન અને હિદાયતની મદદથી શીયાઓની ખરાબ થતી હાલતને સારી હાલતમાં ફેરવી નાખવી તે ઉસ્માન બીન સઇદ ર.અ.ની સિદ્ધિ હતી.

જુદાજુદા સમૂહોમાં વહેંચાએલા શીયાઓને ભેગા કરવા અને બીજી તરફ હકુમત તરફથી નિમવામાં આવેલ જઅફર કઝ્ઝાબનો સામનો કરવાનો હતો. આ કામ ખૂબજ અઘરૂં હતું. કારણ કે જઅફર કઝ્ઝાબે ઇમામ હસન અસ્કરી અ.ની શહાદત પછી પોતાને ખુદને તેમના વારસદાર અને ઇમામ કહેવા શરૂ કરી દીધા હતા.

શયખ મુફીદ અ.ર. 'કિતાબુલ ઇરશાદ'માં લખે છે :

''હઝરત ઇમામ હસન અસ્કરી અ.ની શહાદત પછી જઅફર બીન અલી (જે કઝ્ઝાબના નામથી જાણીતો છે) એ જોયું કે હઝરતના કોઇ વારસદાર નથી. આપની માલ-મિલ્કતને જપ્ત કરી લીધી. આપની કનીઝોને જેલમાં નાખી દીધી. સ્ત્રીઓને પૂરી દીધી. આપના અસ્હાબો જે અસ્કરી અ.ના પુત્રની રાહ જોતા હતા અને શ્રધ્ધા ધરાવતા હતા કે આપના પુત્ર મોજુદ છે અને ઇમામે ઝમાના છે; તે તેઓની વિરૂદ્ધમાં ખોટો પ્રચાર શરૂ કરી દીધો. તેઓને ગુમરાહ કરવાની કોશીષ કરી, ડરાવ્યા અને ધમકાવ્યા. પરંતુ લોકોએ જઅફરની તરફ ધ્યાન ન આપ્યું. છેવટે જઅફર કઝ્ઝાબ ખલીફાને મળ્યો. અને તેની મદદ માગી કે તે પોતાના ભાઇ (ઇમામ અસ્કરી અ.)ના સ્થાન ઉપર પહોંચી જાય. તે માટે તેણે હકુમતને ઘણી મોટી રકમ આપી. પરંતુ આ બધી છળકપટ પછી પણ તે સફળ ન થયો. (અલ-ઇરશાદ પ્ર. ૩૪)

ઉસ્માન બીન સઇદ ર.અ.ના માટે એક પછી એક બધા મસઅલાઓ જઅફર કઝ્ઝાબનો ઇમામતનો દાવો, ઇમામ હસન અસ્કરી

અ.ની જનાઝાની નમાઝ માટે ઉભા થવું, લોકોની વચ્ચે ઇમામ મહદી અ.ની વિલાદતમાં શંકા કરવી તે સમયની હકુમતને પોતાની ઇમામતના માટે ઉશ્કેરવી, અહલેબયત અ.ના ખાનદાનને કેદ અને બંદીવાન બનાવી તકલીફ આપવી, શરઇ રકમો લોકો પાસેથી માગવી વિગેરે, મોટી મુશ્કેલી ઉભી કરનારા હતા. આ પરિસ્થિતિમાં ઉસ્માન બીન સઇદ અ.ર. એ ઇમામે ઝમના અ.ની મદદથી જઅફરને રૂસ્વા કર્યો અને વિલાયત અને ઇમામતના સ્થાનેથી દૂર કર્યો.

જ્યારે શીયાઓએ જોયું કે જઅફર કઝ્ઝાબ ઇમામતનો દાવો કરી રહ્યો છે, ઇમામ હસન અસ્કરી અ.ની મિલ્કતનો પોતે ઉપયોગ કરી રહ્યો છે અને અબ્બાસી હકુમતની મદદ પણ મેળવી લીધી છે ત્યારે લોકોએ ઉસ્માન બીન સઇદ ર.અ. સાથે મુલાકાત કરી કે ઇમામ ઝમાના અ.ની ચીઠ્ઠી મેળવે જેમાં જઅફર કઝ્ઝાબનો મામલો સ્પષ્ટ થઇ જાય, લોકો ચલિત થવાથી બચી જાય અને જઅફર બદનામ થાય. ટૂંકમાં એક પ્રસંગ જોઇએ.

જઅફર બીન અલીએ ઇમામ મહદી અ.ના ચાહનારાઓને એક પત્ર લખ્યો કે હું મારા ભાઇની પછી ઇમામે વક્ત છું. હલાલ અને હરામનું ઇલ્મ અને બીજા ઇલ્મો મારી પાસે છે. જ્યારે આ પત્ર એક માણસને મળ્યો ત્યારે તે બહુ ગમગીન થયો અને તેમને પત્ર લઇને અહમદ બીન ઇસ્હાક અશઅરી, જે ઇમામ હસન અસ્કરી અ.ના ખાસ સહાબી હતા, તેમની પાસે ગયો. અહમદ બીન ઇસ્હાકે એક પત્ર ઇમામે ઝમાના અ.ને લખ્યો અને જઅફરનો પત્ર તે કવરમાં સાથે રાખીને ઉસ્માન બીન સઇદ ર.અ.ને આપ્યો. જેથી તે ઇમામ ઝમાના અ.ને પહોંચાડી દે. હઝરત અજ્જ્લલ્લાહો તઆલા ફરજુલ શરીફે ખૂબજ કડક પત્ર લખ્યો. જેમાં જઅફરની ઇમામતને રદ કરી છે. તે પત્રના થોડાં વાક્યો જુઓ :-

''આ વિકૃત (જઅફર કઝ્ઝાબ) જેણે ખુદાને જુઠલાવ્યો, ઇમામતનો દાવો કર્યો, અમને ખબર નથી કે પોતાની કઇ વસ્તુ ઉપર તેણે નજર કરી ? જો ખુદાના દીન અને હુકમોમાં તેને ફીકાહ અને ડહાપણની આશા રાખે છે તો ખુદાની કસમ તે હલાલ અને હરામમાં ફરક નથી ઓળખી શકતો. કુરઆનની ગર્ભિત અને એકબીજાને મળતી આવતી આયતોને એકબીજાથી જુદી નથી પાડી શકતો. ત્યાં સુધી કે નમાઝની હદો અને સમયની તેને ખબર નથી. જો તે પોતાના તક્વા-પરહેઝગારી ઉપર ખાત્રી ધરાવે છે તો ખુદા સાક્ષી છે કે તેણે ચાલીસ દિવસો સુધી વાજીબ નમાઝને તર્ક કરી છે. તેનો દાવો મોઅજીઝા ઉપર આધારિત હોવો જોઇએ. પોતાના મોઅજીઝાને રજૂ કરે. જો હુજ્જત અને દલીલ ધરાવતો હોય તો કહે.'' (યઝુહશી પીરમુન પા. ૧૨૮, નકલ-પ્રસ્તુત એહતેજાજ

તલરસી ૨/૪૬૮)

ઉસ્માન બીન સઇદ (ર.અ.)ની નયાબતનું જ પરીણામ હતું કે આ રીતની ચીઠ્ઠીઓ પ્રાપ્ત થઇ અને જઅફર કઝ્ઝાબ પોતાના મનસુબામાં નિષ્ફળ થયો. પછી એક મજલીસમાં ઉસ્માન બીન સઇદ ર.અ.એ ફરમાવ્યું, (વિશ્વસનીય રીતે અબ્બાસી) ખલીફા વિચાર કરે છે કે હસન અસ્કરી અ. દુનિયાથી ચાલ્યા ગયા અને કોઇ વારસદાર ન મુકતા ગયા. પોતાની મિલ્કતોને એવા માણસ (જઅફર કઝ્ઝાબ)ને આપી ગયા જે તેનો હકદાર ન હતો. ઇમામ અ.ના હતાશ થએલાએ પણ સબર કરી અને પરેશાન હાલતમાં ચારે બાજુ ફરતા રહ્યા. કોઇ હિમ્મત નથી કરતું કે તેઓને ઓળખે, તેઓની મદદ કરે અથવા કોઇ ચીજ તેઓને પહોંચાડે.'' (ઉસુલે કાફી ૨/ ૧૨૧, ફારસી તરજુમો)

## ઉસ્માન બીન સઇદ અમ્રવી ર.અ. બગદાદમાં :-

ઇમામ હસન અસ્કરી અ.ની શહાદત પછી ઇમામે ઝમાના અલયહિસ્સલામના હુકમથી પહેલા નાએબે બગદાદ તરફ પ્રયાણ કર્યું. કારણ એ હતું કે સામર્રામાં હકુમતના સત્તાધિકારીઓ કડકાઇભર્યું વલણ અપનાવતા હતા. તે જમાનામાં બગદાદ ઉપર અબ્બાસી હકુમતની કોઇ ખાસ નજર ન હતી. તે સમયે સામર્રા અબ્બાસી હકુમતનું પાટનગર હતું. મોઅતમદનું સાશન હતું. મોઅતમદને ૧૨ રજબ, ૨૫૬ હીજરીમાં ખલીફા બનાવવામાં આવ્યો. તેના અંતિમ સાશન સુધી સામર્રા જ પાટનગર રહ્યું. હીજરી ૨૭૯માં પાટનગર બગદાદ ફેરવવામાં આવ્યું. તે સમય સુધી શીયાઓના કાર્યક્ષેત્રનું કેન્દ્ર બગદાદ હતું. ઉસ્માન બીન સઇદ ર.અ.ની આ હીજરતના કારણે જુદાજુદા શહેરોમાં વિખરાએલા શીયા, હકુતમની સખ્તાઇથી સુરક્ષિત રહી, સહેલાઇથી પહેલા નાએબની પાસે જવા લાગ્યા. આ રીતે આપનું કાર્યક્ષેત્ર મર્યાદિત ન રહેતા વિશાળ રીતે સંપર્કનો સિલસિલો શરૂ થઇ ગયો. જો આપ સામર્રામાં હતે અથવા તે જમાનો એટલે ગયબતની શરૂઆતમાં જો પાટનગર બગદાદ ફરી ગયું હતે તો વકીલો માટે વિશાળ તકો પૈદા ન થતે.

## ઉસ્માન બીન સઇદ ર.અ.ની કાર્યપદ્ધતિ :-

આપે બગદાદમાં ઘણા મદદ કરનાર વકીલ રાખ્યા હતા. જેઓને ઇરાક અને બીજા દેશોના વકીલો સાથે સંપર્ક રાખવાની જવાબદારી સોંપવામાં આવી હતી. બગદાદમાં રહેતા તે વકીલોને બહારગામથી આવતા પ્રતિનિધીઓ મળતા હતા. પોતાની શરીઅયાની રકમો અથવા મસઅલા તેઓને આપતા હતા. આ વકીલો તે ઉસ્માન બીન સઇદ અમ્રવી ર.અ.ને પહોંચાડતા હતા. ઉસ્માન બીન સઇદ

ર.અ. તે ઇમામની ખીદમતમાં લઇ જતા હતા. હાજીઝ બીન યઝીદ વશ્શાઅ, અહમદ બીન ઇસ્હાક અશ્અરી, મોહમ્મદ બીન અહમદ બીન જઅફર કત્તાન અને અહમદ બીન ઇસ્હાક શરૂઆતમાં ઇમામ હસન અસ્કરી અ.ના વકીલ તરીકે કુમ (ઇરાન)માં હતા. પરંતુ ઇમામ અ.ની શહાદત પછી આપ ઉસ્માન બીન સઇદ ર.અ.ની મદદ માટજે બગદાદ ચાલ્યા આવ્યા.

મોહમ્મદ બીન અહમદ કત્તાન કપડાં વેચવાનું કામ કરવા લાગ્યા હતા. જેથી કોઇ શંકા ન કરે. કપડામાં પત્રો અને માલ વીંટાળીને બીજા પ્રતિનિધીઓ તેમની પાસે લઇ આવતા હતા. જેથી તે ઉસ્માન બીન સઇદ ર.અ.ને પહોંચાડી દે.

ઇતિહાસમાં આવા ઘણા પ્રસંગો મળે છે. જેનાથી આ ચાર નવાબોએ ઇમામ અ.ના રક્ષણ માટે એવી પદ્ધતિનો ઉપયોગ કર્યો જેના દ્વારા બધો માલ ઇમામ અ.ને પહોંચી જતો હતો. લોકોને હઝરત અ.ના રહેણાંકની જગ્યાની ખબર પડતી ન હતી.

## ઉસ્માન બીન સઇદ અમ્રવી ર.અ.ની વફાત :-

નયાબતની મુદ્દત અને આપની વફાતના બારામાં પાકી માહિતી નથી. અલબત્ત, તે વાત ચોક્કસ છે કે આપની અને આપના પુત્ર મોહમ્મદ બીન ઉસ્માનની નયાબતની મુદ્દત ૪૫ વરસ છે.

જનાબ અલ્લામા બેહરૂલ ઓલુમ ''તઅલીકુર્રેજાલ''માં લખે છે કે સન ૨૬૦ હીજરી પછી આપની વફાત થઇ અને એજ કિતાબમાં પાના ૧૫૫ ઉપર લખે છે કે સન ૨૮૦ હીજરીમાં વફાત થઇ.

**નોંધ :-**

અલી ગફ્ફાર ઝાદાએ પોતાની કિતાબમાં ઇતિહાસકારો અને ઇસ્લામના આલીમોના હવાલાથી જે તેહકીક કરી છે તેનો ટૂંક સાર આ મુજબ છે :-

ઉસ્માન બીન સઇદ અમ્રવી ર.અ.ની વફાત સન ૨૬૭ હીજરીની પહેલા થઇ. (યઝવહશી પીરામુન ઝીન્દાની નવાબે ખાસ ઇમામે ઝમાના અ. પાના ૧૪૪)

## ઉસ્માન બીન સઇદ ર.અ.ની કબર :-

આપની કબર બગદાદમાં પશ્ચિમ તરફ મેદાનની અંદર દર બે હિલામાં મસ્જીદે ઝર્બમાં છે. (બેહારૂલ અન્વાર ૫૧/૩૪૭)

હાલમાં આ કબરની આજુબાજુમાં બજાર છે. અને નાની નાની ગલીઓમાં થઇને કબર સુધી પહોંચવું પડે છે. તે કારણે અમુક

વખતે ઝવ્વારો ઉસ્માન બીન સઇદ ર.અ.ની ઝીયારત જતી કરે છે. ખરેખર તો આ મહાન નાએબ ર.અ.ની ઝીયારત બિલ્કુલ એવી છે કે જેવી રીતે તેમની જીંદગીમાં લોકો ઇમામે ઝમાના અલયહિસ્સલામના સંપર્ક માટે આવતા હતા.)

**શોક સંદેશ :-**

ઉસ્માન બીન સઇદ અમ્રવી ર.અ.ની વફાત પછી ઇમામે ઝમાના અલયહિસ્સલામે એક શોક સંદેશ લખ્યો:-

''ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલયહે રાજેઉન.'' બેશક આપણે અલ્લાહના માટે છીએ અને શંકા વગર તેની તરફ પાછા ફરનારા છીએ. તેના હુકમની સામે રાજી અને સહમત થઇને માથું ઝુકાવીએ છીએ. તમારા પિતાએ પોતાની જીંદગી નેકી સાથે પસાર કરી. અને મૃત્યુ સુધી પ્રશંસાને પાત્ર રહ્યા. પછી અલ્લાહે તેમની ઉપર રહેમ ફરમાવે અને તેમને તેમના અવલીયા અનેઅઇમ્મા અલયહેમુસ્સલામની સાથે જોડી દે. તે સતત રીતે પોતાના ઇમામોના કામોમાં સંઘર્ષ, દોડધામ અને કોશીશ કરતા રહ્યા. ત્યાં સુધી કે તેમને અલ્લાહ અઝ્ઝ વ જલ્લ અને પવિત્ર ઇમામો અ.ની નજદીકી પ્રાપ્ત થઇ. અલ્લાહ તેમના ચહેરાને રૌનકવાળો અને હર્યોભર્યો રાખે. (બેહારૂલ અન્વાર ૫૧/૩૪૯)

# ઇમામની યાદ - એક મહત્વની જવાબદારી

ઇમામે ઝમાના અલયહિસ્સલામની ગયબતના જમાનામાં આપણા શીયાઓની જે જવાબદારીઓ છે તેની એક લાંબી યાદી અને વિગતો ''મીક્યાલુલ મકારમ ફી ફવાએદી દોઆઅ લીલ કાએમ અલયહિસ્સલામ''ના લેખકે સુંદર રીતે અને ખુબીપૂર્વક બે ભાગોમાં લખીને આપણને સોંપી દીધી છે. આ બધી જવાબદારીઓ ઉપર ધ્યાન આપવાથી એ વાત સ્પષ્ટ થઇ છે કે આ જવાબદારીઓને સુંદર રીતે અને ખૂબીપૂર્વક પૂરી કરવાથી આપણને જ લાભ થાય છે. પૂરી ન કરવાથી નુકસાન પણ આપણને જ છે. આ ઉપરાંત એક બીજી મહત્વની બાબત ફલિત થાય છે તે એ કે આપણે આપણા જમનાના ઇમામ સાથેની મોહબ્બતની અમલથી પ્રત્યક્ષ સાબિતી આપીએ. કારણ કે અમલ જ એક માત્ર ઝરીઓ છે જે ઇન્સાનના પુખ્ત અકીદાનો પાયો છે. તે ઉપરાંત આ જવાબદારીઓ પૂરી કરવાથી ઇન્સાનને જે લાભ મળે છે તેનો સંબંધ દુનિયા અને આખેરત બંનેથી છે. અલ મુન્તઝરના અગાઉના અંકોમાં અમુક જવાબદારીઓ તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું. આજે અમે એવી જવાબદારીઓની ચર્ચા કરી રહ્યા છીએ જે સહેલાઇથી પૂરી પણ કરી શકીએ છીએ અને તેના ઉપર દર્શાવેલા ફાયદાઓ પણ છે. જે બધાનો આ મર્યાદિત લેખમાં સમાવેશ કરવો શક્ય નથી. આ આપણી જવાબદારી

છે ''ઇમામે ઝમાન અ.ને પોતે યાદ કરવા અને બીજાને યાદ અપાવવા.'' આ મહાન જવાબદારી વ્યક્તિગત રીતે થઇ શકે છે અને સામૂહિક રીતે પણ.

આ જવાબદારી ઉપર અમલ કરવાનો સૌથી પહેલો તબક્કો એ છે કે આપણે અહલેબયત અલયહેમુસ્સલામની સાથે આપણી મોહબ્બત વધારીએ. આ માટે હદીસોની કિતાબોમાં રિવાયતોની સંખ્યા ઘણી વધારે છે. આપણે અહીં ત્રણ રિવાયતોથી સંતોષ લેશું.

(૧) હઝરત ઇમામ જઅફર સાદિક અ.એ ફરમાવ્યું :- ઇન્ન ફવકન કુલ્લે એબાદતીન એબાદહ વ હુબ્બોના અહલલબયતે અફઝલો એબાદતીન. (બેહાર ૨૭/૯૧ હદીસ ૧૪૮)

''બેશક ઇબાદતોમાં દરેક ઇબાદતથી વધુ ઉંચી એક ઇબાદત છે અને અમે અહલેબયત સાથે મોહબ્બત રાખવી તે સૌથી શ્રેષ્ઠ ઇબાદત છે.''

અલ્લાહનો શુકર છે કે તેણે આપણને એવા કુટુંબમાં પૈદા કર્યા જ્યાં અઇમ્મએ મઅસુમીનની મોહબ્બત આપણી માતાઓએ ગળથુંથીમાં પીવરાવી છે. એટલું જ નહીં બલ્કે સંપૂર્ણ ઇમાન અને કયામતમાં ખુશનસીબનું પ્રમાણ ઇમામે ઝમાના અલયહિસ્સલામની મોહબ્બત નક્કી કરવામાં આવ્યું છે. તેથી રસુલે ખુદા સ.અ.વ.વ. ઇરશાદ ફરમાવે છે :-

''કદ કમોલ ઇમાનોહુ વ હસોન ઇસ્લામોહુ ફલ યતવલ્લલ હુજ્જત સાહેબઝ્ઝમનીલ મુન્તઝર.... મન અહબ્બહુમ વ તવલ્લાહુમ કુન્તો ઝામેનન લહુ અલલ્લાહે તઆલા બીલ જન્નતે'' (બેહાર ૩૬/૨૯૬)

(અને જે ચાહે છે કે) તેનું ઇમાન પરીપૂર્ણ થાય અને (દીન) ઇસ્લામ તેનો શ્રેષ્ઠ દીન બને, તેને જરૂરી છે કે તે ઇમામે ઝમાના સાથે મોહબ્બત કરે. જે કોઇએ પણ તે લોકો સાથે મોહબ્બત કરી અને તેની વિલાયત સ્વિકારી (તેના માટે) હું અલ્લાહ તબારક વ તઆલા પાસે તેની જન્નતની જામીનગીરી લઉં છું.

સુજ્ઞ વાંચકો ! જુઓ આ મોહબ્બતની એક રીત મઅસુમોની ચર્ચા કરવાની છે. આ ચર્ચાથી સૌથી મોટો લાભ એ છે કે આપણે શયતાનના હુમલાઓથી સુરક્ષિત રહેશું. એક બુઝુર્ગ આલીમ પોતાના શાગીર્દોને કહ્યા કરતા હતા કે શયતાન આપણાથી વધુ હોંશિયાર છે. તેણે અલ્લાહ સાથે વાયદો કર્યો છે કે હું આદમની અવલાદને બહેકાવીશ. તેથી તે જાતજાતના પેંતરાઓ રચી આપણી સામે ઉપયોગ

કરે છે. આ હુલમાઓથી બચવા માટે સૌથી વધુ સહેલી અને સફળ રીત એ છે કે આપણી અને શયતાનની વચ્ચે અઇમ્મએ મઅસુમીન અ.ની ચર્ચાનો પરદો પાડી દઇએ. દીનના આલીમોના આ કથનને અઇમ્મએ મઅસુમીન અ.ની હદીસોનો ટેકો પણ મળે છે. એટલું જ નહીં, શયતાન પોતાની શયતાનીય્યતથી દૂર રહે છે, બલ્કે મલાએકાઓ ચર્ચા કરનારાઓની સાથે રહે છે. હ. ઇમામ જઅફર સાદિક અ. પોતાના મશહુર સહાબી દાઉદ બીન સરહાનને ઇરશાદ ફરમાવે છે :-

(૩) ''એ દાઉદ ! મારા દોસ્તોને મારા સલામ કહો અને મારો આ સંદેશો તેઓને કહી દો કે અલ્લાહનો રહેમ થાય તે લોકો ઉપર જે આપસમાં ભેગા થાય છે અને અમારી હદીસોને દોહરાવે છે. બેશક તેમાં ત્રીજો એક મલાએકા પણ હોય છે. જે આ બંને માટે ઇસ્તિગ્ફાર કરે છે અને કોઇ બે માણસો ભેગા થઇને અમારી ચર્ચા નથી કરતા, પરંતુ એ કે ખુદાવંદે આલમ તેઓના ઉપર મલાએકાઓની વચ્ચે ગર્વ અને પ્રશંશા કરે છે. પછી (હું તમને હુકમ આપું છું કે) જ્યારે તમે ભેગા થાવ ત્યારે અમારી ચર્ચામાં મશ્ગુલ થતા રહો. કારણ કે આ બેઠક અને આવી ચર્ચા અમને (અમારા હુકમને) જીવંત કરી દે છે. અને અમારા પછી સૌથી શ્રેષ્ઠ તે લોકો હશે જે અમારી હદીસોની ચર્ચા કરતા હશે અને લોકોને તેની દઅવત આપતા હશે.'' (બેહાર ૧/૨૦૦)

સુજ્ઞ વાંચકો ! વિચાર કરો કે આ ટૂંકી એવી હદીસમાં ઇમામે કેટલી બારીકીઓ દેખાડી છે :-

(૧) જ્યારે પણ બે વ્યક્તિઓ આપસમાં અઇમ્મએ મઅસુમીન અ.ની હદીસોને દોહરાવે છે ત્યારે તેમાં ત્રીજી વ્યક્તિ ફરિશ્તો હોય છે શયતાન નહિ.

૨. તે ફરિશ્તો તે લોકો માટે ગુનાહોની બક્ષીશની દોઆ કરે છે. શક્ય છે કે આપણી તૌબા અને ઇસ્તિગ્ફાર ખુદાની બારગાહમાં રદ કરી દેવામાં આવે. પરંતુ ફરિશ્તાની દોઆ રદ નથી થતી.

ઇમામ મઅસુમ અ. એવા લોકો ઉપર અલ્લાહની રહેમત થવાની દોઆ કરી રહ્યા છે. મઅસુમ ઇમામોની દોઆ ઉપર જ્યારે નસારાઓ (ખ્રિસ્તીઓ)ને સંપૂર્ણ ભરોસો હોય શકે છે તો આપણી શ્રધ્ધા કેમ ન હોય.

૪. ઇમામ જઅફર સાદિક અલયહિસ્સાલમનો હુકમ છે કે સૌ ભેગા થઇને તમે મારી હદીસની નકલ કર્યા કરો.

૫. હદીસોની નકલ કરવાથી અઇમ્મએ મઅસુમીન અ.ની યાદ તાજી થાય છે.

૬. આ ચર્ચા અને મજલીસ ઉપર અલ્લાહ તબારક વ તઆલા ગર્વ અને વખાણ કરે છે.

૭. આવા લોકોની ગણતરી શ્રેષ્ઠ લોકોમાં કરવામાં આવશે. (કદાચ આ બધા લાભોને ધ્યાનમાં લઇને એક અરબ શાએર, જે ઇમામે ઝમના અ.નો મોહીબ હતો, તેણે એક શેર કહ્યો હતો. અલ્લાહો યઅલમો ઇન્ની લસ્તો

અઝકોરો કુમ - ફકયફ અઝકોરો કુમ

ઇઝ લચ્સો અન્સાકુમ (મીક્યાલુ મકારેમ ફી ફવાએદદ્દોઓ લીલ કાએમે અ. મોહમ્મદ તકી ભાગ -૨ પાના ૩૦૮)

''અલ્લાહ સારી રીતે જાણે છે કે હું આપને યાદ નથી કરતો. હું આપને કેવી રીતે યાદ કરૂં જ્યારે હું આપને ક્યારે પણ ભૂલતો જ નથી.''

અલ્લાહની કસમ ! શાએરનો આ શેર હઝરત ઇમામ મુસા કાઝીમ અ.ની હદીસનું જીવંત ઉદાહરણ છે. જે આપે એક સવાલ 'શું બારમાં ઇમામ ગાએબ હશે'ના જવાબમાં ફરમાવ્યું હતું :-

નઅમ યગીબો અન અબ્સારન્નાસે શખ્સોહો વલા યગીબો અન કોલુબીલ મોઅમેનીન ઝીક્રોહુ વહોવ અસ્સાની અશર મીન્ના (કમાલુદ્દીન વ ઇત્મા મુન્નેઅમત શયખ સદુક અ.ર. પ્ર. ૩૪, હદીસ ૬)

હા, તેનું શરીર તો લોકોની આંખોથી છુપાયેલું હશે. પરંતુ તેની ચર્ચા લોકોના દિલોમાંથી ગાયબ ન હશે. અને તે અમારામાંથી બારમા હશે.

આપણે કુરબાન થઇ જઇએ તે બાબુલ હવાએજ ઉપર કે જેણે મોટા ભાગની જીંદગી કેદખાનામાં ખુદાની ઇબાદતમાં પસાર કરી. આપણને છેલ્લા ઇમામની યાદમાં હંમેશા મશગુલ રહેવાની તાકીદ કરી. એટલું જ નહિ, આપના બુઝુર્ગ પિતા હઝરત ઇમામ જઅફર સાદિક અ.ની પાસે એક વૃદ્ધ માણસ આવ્યો. ઇમામને સલામ કરીને મુસાફેહા કરીને રડવા લાગ્યો. જ્યારે તે ચુપ થયો ત્યારે ઇમામે રડવાનું કારણ પુછ્યું, અરજ કરી : ''મવલા, કરબલાના બનાવ પછી હું દરરોજ એક વાતની ઇચ્છા ધરાવું છે કે કદાચ આજે નહિ તો કાલે આ અઠવાડિયે નહિ તો આવતે અઠવાડિયે, આ મહિને નહિ તો આવતા મહિને, આ વરસે નહિ તો આવતા વરસે ઇમામ હુસયન અ.ના કુટુંબમાંથી કોઇ સામે આવીને ઇમામે મઝલુમના ખુનનો બદલો લેશે. પરંતુ મને આપનામાં આવી કોઇ

નિશાની મળતી નથી.'' રિવાયતના શબ્દો છે કે હવે ઇમામ સાદિક અ.એ રડવાનું શરૂ કર્યું અને આ વૃધ્ધ માણસથી વુ રૂદન કર્યું અને ફરમાવ્યું : ''એ શખ્સ, તે હું નથી બલ્કે અમારામાંથી છેલ્લી હુજ્જત ઇબ્ને હસન અલ-અસ્કરી હશે. પરંતુ તારા દિલમાં તેની મોહબ્બત છે અને આ તમન્ના છે તેથી તેમના ઝહુરની પહેલા જો તું આ દુનિયામાંથી ચાલ્યો પણ જઇશ તો તે આવીને તને કબરમાંથી જીવતો કરી દેશે.'' (મુન્તહુલ આમાલ-શયખ અબ્બાસ કુમ્મી)

ઇમામે મઝલુમના મોહિબ્બો, ઇમામ હુસયન અ.ના સોગવારો, દુખ્તરે રસુલ અને માદરે હુસયનની તમન્નાઓ! શું એ શક્ય છે કે આપણે આપણા દિલો અને આપણી મજલીસોમાં હુસયન અ.ના વારસદારના ઝીક્રમાં મશગુલ ન રહીએ. યાદ રાખો ! જો આપણે ખરેખર ઇમામ હુસયન અ.ની સાથે મોહબ્બત ધરાવીએ છીએ તો આપણે તેનો બદલો લેનારને એવીજ રીતે યાદ કરવા પડશે જે રીતે તે વૃધ્ધ શખ્સ યાદ કરી રહ્યો હતો. અલ્લાહની બારગાહમાં કકળીને આપના ઝહુરમાં જલ્દી કરવા માટે દોઆ કરવી પડશે. આપ પોતેજ નક્કી કરો, આપણા જમાનાના ઇમામ જેની નજરની સામે કરબલાની દરેક ઘટના છે એટલે કે સમગ્ર દ્રષ્ય આપની નજરની સામે છે. માત્ર કરબલાનો બનાવ જ નહિ બલ્કે તે તમામ જુલ્મો પણ આપની નજરનીસામે છે. જે જનાબે ઝહેરા સલામુલ્લાહે અલયહા ઉપર કરવામાં આવ્યા હતા. તે બધા દુ:ખોની પછી પણ પોતાના ચાહનારાઓને કહે છે, ''વલા નાસીન ઝઝીક્રેકુમ'' - અમે તમને ભુલતા નથી. આ રીતે મોહબ્બતની માગણી શું એ છે કે આપણે માત્ર ૧૫ શઅબાનના પ્રસંગે આપણા ઇમામને ટૂંકાણમાં યાદ કરીએ ?

ભરોસાપાત્ર રિવાયતોથી આપણે જાણીએ છીએ કે આપણા આમાલ આપની સમક્ષ અઠવાડિયામાં બે દિવસ રજૂ કરવામાં આવે છે. આપણા સૌના ખરાબ આમાલ જોઇને આપ કકળીને ખુદાની બારગહામાં દોઆ કરે છે : ''માલિક! તેઓના દિલમાં મારા પૂર્વજોની મોહબ્બત ભરેલી છે. તેઓના ગુનાહોને બક્ષી દે.'' આ બધા કારણોને લીધે, એક શીયા જેને આપની મુલાકાતનું સન્માન પ્રાપ્ત થયું છે તે કહે છે : ''મેં ઇમામ અ.ની આંખોની નીચે લીલા ચાઠા જોયા.'' કારણ પુછ્યું તો ફરમાવ્યું : ''મારા શીયાઓને કહી દેજો કે રડવા માટે મારા બુઝુર્ગ દાદાનો ગમ ઓછો નથી કે હું તેઓના આમાલ જોઇને રડ્યા કરૂં.''

સુજ્ઞ વાંચકો ! આવો, આપણે સૌ સાથે મળીને નક્કી કરીએ કે આપણે નીચે દર્શાવેલ રીતોથી આપણા ઇમામને યાદ કરશું

અને તે થકી શયતાનના હુમલાથી દૂર રહેશું. પછી તે લોકોમાં ભળી જશું, જેઓના માટે મલાએકા ઇસ્તિગફાર કરે છે અને તેથી અલ્લાહના ગર્વ અને પ્રશંસાને પાત્ર બનશે. ખુદાવંદે મોતઅલની રહેમત હેઠળ રહેશે. ઇમામ હુસયન અ.ના સાચા ચાહનારાઓમાં ગણાશે. અને આપણા ઇમામ અ.ની નારાજગી અને દુઃખનું કારણ ન બનશે.

(૧) દરરોજ સુબ્હની નમાઝ પછી દોઆએ અહદની તિલાવત કરવી. જેના બારામાં ઇમામ સાદિક અલયહિસ્સલામની હદીસ છે કે જો કોઇ માણસ ચાલીસ દિવસ સુધી આ દોઆની તિલાવત કરે તો ઇન્શાઅલ્લાહ જ્યારે ઇમામ અ.નો ઝહુર થશે ત્યારે તેની ગણતરી ઇમામ અ.ના સાથીદાર અને અન્સારમાં થશે. જો તે ઝહુર પહેલા મૃત્યુ પામશે તો ઇમામ અ. તેને કબરમાંથી ઉઠાડશે. આ વાક્યોનું સતત રટણ કરીને ઇમામ અ.ની યાદને તાજી કરે.

ઇન્નહુમ યરવનહુ બઇદન વ નરાહો કરીબન

તે (દુશ્મન) આપનો ઝહુર દૂર માને છે જ્યારે અમે આપના ઝહુરને નજદીક માનીએ છીએ. અલ્લાહુમ્મ ઇન હાલ બયની બયનહુલ મવ્તુલ્લઝી જઅલ્તહુ અલા એબાદેક હત્મન મક્ઝીયન ફ અખ્રીજ અખ્રીજની મીન કબ્રી મોઅતઝેરન કફની શાહેરન સય્ફી મોજર્રેદન કનાતી મોલબ્બેયન દઅવતદ્દાઇ ફીલ હાઝેરે વલ્બાદી.

''એ ખુદા ! જો મારા અને તેમના વચ્ચે મોત આડું આવી જાય જે તે તારા બંદાઓ માટે અનિવાર્ય અને ચોક્કસ રીતે નક્કી કરેલું છે, તો તું મને કબરમાંથી એવી રીતે બહાર કાઢ કે મેં મારા કફનને ઓઢેલું હોય અને તલ્વારને મ્યાનમાંથી બહાર ખેંચેલી હોય અને ભાલાને ઉપાડેલો હોય અને પોકારનારના અવાજને હાજર છું તેમ કહેતો હોઉં, શહેર કે દરિયાના કોઇ પણ સ્થળ ઉપર.''

આ દોઆ મફાતીહુલ જીનાન ઉર્દુ તરજુમો નાસીર હયદરી કુતુબખાનાના પાના ૫૪૨ ઉપર, તન્ઝીમુલ પ્રકાશન મફાતીબના પાના ૧૯૮૮ અને બેહારૂલ અન્વાર ભા. ૧૦૨ પાના ૧૧૨ ઉપર નક્લ કરવામાં આવી છે.

(૨) દર જુમ્આના સુબ્હની નમાઝ પછી પોતાના ઘર અને મોહલ્લામાં દોઆએ નુદ્બાનું આયોજન કરે. નુદ્બાનો અર્થ થાય છે રડવું. આક્રંદ કરવું. પ્રેમભર્યા અવાજથી ઇમામ હુસયન અ.નો મોહિબ આર્દ્રતા ભર્યા અવાજથી સવાલ કરે છે :

''અયનત્તાલેબો બે દમીલ મકતુલે બે કરબલા'' ક્યાં છે તે જે કરબલાના શહીદોના ખુનનો બદલો લેશે.

''લયસ શેઅરી અયનસ તકર્રત બેકન્નવા''

-એ અફસોસ ! મને ખબર હતે કે આપનું સ્થાન અને દૂરનું કેન્દ્ર ક્યાં છે?

''બે નફસી અન્ત ઉમ્નીય્યતો શાએકીન વ તમન્ના મીન મોઅમેનીન વ મુઅમેનતીન ઝકરા ફ હન્ના'' -મારી જાન કુરબાન, આપ દરેક ચાહનારની આશા છો. તે મોમીન પુરૂષ અથવા સ્ત્રી જેણે આપને યાદ કર્યા અને આપની સાથે મોહબ્બત દર્શાવી.

આ મહાન દોઆ મફાતીહુલ જીનાન ઉર્દુ તરજુમો નાસીર હયદરી કુતુબખાનાના પાના ૫૩૬ પ્રકાશન તન્ઝીમુલ મકાતીબના પાના ૯૭૪ ઉપર નકલ કરી છે.

(૩) જુમ્આના દિવસે એવી મજલીસોનો બંદોબસ્ત કરે જેમાં ઇમામે ઝમાના અલયહિસ્સલામની ચર્ચા થાય. આપણા બાળકો અને મોઅમીનોના દિલને તેમની ચર્ચા થકી જીવંત કરે. હદીસમાં છે કે ઇમામ અ.ની ચર્ચાથી દિલ જીવંત બને છે. ગુનાહો બખ્શાઇ જાય છે. જે દિવસે બધા દિલ મુર્દા થઇ જશે તે દિવસે પણ તેનું દિલ જીવંત રહેશે.

(૪) ઇમામ અ.ના મુલાકાતના પ્રસંગો વાંચીને લોકોને માટે નકલ કરે. જેનાથી દીદારનો શોખ જાગૃત થાય. આવાજ કોઇ આશિકે ખુબ સુંદર રીતે કહ્યું છે :-

માશુક તું દારીમ સફર મુમ્મકીન નીસ્ત

ગર મા નુરસીદીમ તુ બારે બરસી

અમે આપના દીદારનો શોખ ધરાવીએ છીએ

પરંતુ સફર શક્ય નથી. જો અમે પહોંચી ન શકીએ તો પછી આપજ આવી જાવ.

(૫) જે રીતે સુરા આલે ઇમરાનની છેલ્લી આયતમાં હુકમ આપવામાં આવ્યો છે : ''વ રાબેતુ'' સંપર્ક જાળવી રાખો. ઇમામ સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે : વ રાબેતુ ઇમામોકુમુલ મુન્તઝર. અને તમારા ઇમામ જેનો ઇન્તેઝાર કરી રહ્યા છો તેમની સાથે સંપર્ક સ્થાપિત કરો. દિવસ અને રાત જ્યારે પણ સમય મળે ત્યારે પોતાના ઇમામ સાથે સંપર્ક સાધો.

અહીં સંપર્કનો અર્થ (મોટી ગયબતમાં) ઇમામ અ.ને સતત યાદ કરતા રહેવાનો છે. આપ અ.ની સમક્ષ સિફારીશ કરવી છે.

પોતાના પ્રશ્નોનો ઉકેલ માત્ર આપની પાસેથી જ મેળવવાનો છે.

(૬) શયખ અબુ અમરૂએ ઇમામ અ.ની ગયબતની દોઆ નકલ કરી છે. તેની તિલાવત દર જુમ્આના દિવસે કરે. શયખ અબ્બાસ કુમ્મી મુન્તહીલ આમાલમાં નક્લ કરે છે કે જો જુમ્આના દિવસે કોઇ મુસ્તહબ અમલ ન કરે તો પણ આ દોઆને છોડી ન દે. જેમાં ઇમામ ઉપર સંપુર્ણ શ્રદ્ધા રાખવાની દોઆ કરવામાં આવી છે.

આ દોઆ મફાતીહુલ જીનાન ઉર્દુ તરજુમાના પાના ૫૮૮ ઉપર નકલ કરવામાં આવી છે.

(૭) દરેક કામ કરતા પહેલા એ વિચારી લે કે ઇમામ તેનાથી ખુશી થશે કે નહીં.

બારગાહે ખુદાવંદે કુદુસમાં દોઆ છે કે માલિક બે હક્કે ઝહેરા સલામુલ્લાહે અલયહા અમારા દિલોને ઇમામની મોહબ્બતથી ભરપુર કરી દે અને આપણને હંમેશા હંમેશા ઇમામની યાદ ખુદને પણ કરવાની તવફીક આપે અને બીજાને પણ તે યાદથી લાભ આપવાની તૌફીક ફરમાવ.

(૮) અય્યામે અઝામાં જ્યારે પણ શોહદાએ કરલબા અને કરલબાના કેદીઓ ઉપર રૂદન અને આહો-ઝારી કરીએ તો ખુને હુસયનનો બદલો લેનારને ન માત્ર પુરસો આપીએ બલ્કે તેમના ઝહુરમાં જલ્દી કરવા માટે દોઆ પણ કરીએ.

(૯) ૧૫ શઅબાનના ઇમામ અ.ની વિલાદતના જશનને એવી ધામધુમથી ઉજવીએ કે લોકો પુછે કે છેવટે શું છે? તેમાં શેરો શાયરી સિવાયના કાર્યક્રમો પણ ગોઠવીએ. જેથી લોકોને ઇમામ અ.ની વધુને વધુ મઅરેફત મળે અને લોકો ખુશ થાય.

# ગયબત

ખુદાએ પાકસે ગયબત ભી આપને પાઇ

નબુવ્વતોંસી અઝમત ભી આપને પાઇ

ઇમામતોકી ફઝીલત ભી આપને પાઇ

ખુદાભી આપકા ઔર આપકી ખુદાઇ ભી

મીલે હંય આપકો અવસાફે અમ્બીયાઇ ભી

ખુદાકે નામકી અઝમત હય આપકી ગયબત

બકાએ હક્ક કી ઝમાનત હય આપકી ગયબત

ઉસુલે દીન કી ઝરૂરત હય આપકી ગયબત

ઇસીસે સીલસીલએ સુબ્હ વ શામ કાએમ હય

હમેં ભી નાઝ હય અપના ઇમામ કાએમ હય

નુમાયા ચહેરેસે હયદર અ.કી અઝમતે હોંગી

નઝરમેં રોઅબ જબીં પર જલાલતે હોંગી

તમામ ગુલશને ઝહેરા સ. કી સુરતેં હોંગી

અલી અ.કે નુરે નઝરકા મીજાઝ ભી હોગા

તુમહારે સરપે વફાઓંકા તાજ ભી હોગા

કભી જો હાલે શાહેદીં કોઇ સુનાતા હય

હર એક ફર્દ યહાં અશ્કે ગમ બહાતા હય

તુમ્હેં બતાઉં તુમ્હે કયસે સબ્ર આતા હય

લીયે હુવે શહે મઝલુમકા અલમ આઓ

તુમ્હે હુસયન અ.કે અબ્બાસકી કસમ આઓ

યે આરઝુ હય ગમે કરલબા મનાએંગે

તુમ્હારે જદ કી સફે માતમ બીછાએંગે

તુમ્હારે સાથ અલમ શેહકે હમ ઉઠાએંગે

શુમાર હમકો ભી કરલો જો સોગવારો મેં

હમારા નામ ભી આ જાએ જાં નિસારોં મેં

# નૂહનું તોફાન

એકવાર ફરી એવું લાગે છે કે હવાઓનો મિજાજ બગડી રહ્યો છે.

એક તરફ જમીનનું સ્તર ઉજ્જ્ઞ થવાથી જીવંત મૂળ નિર્જીવ થઇ રહ્યો છે..... જ્યારે બીજી તરફ આંધીના જોરદાર સપાટાઓ પોતાની બધી વિનાશક શક્તિઓની સાથે આ વસ્તીઓ તરફ આગળ વધી રહ્યા છે..... આ આગાહી છે અને અપેક્ષિત છે.

એક તરફ પાનખરની ઋતુ છે. ઝાડોના ઝુંડના ઝુંડ પાણીનું છેલ્લું ટીપું પી રહ્યા છે. તેની ડાળીઓ અને પાંદડાઓ સુકાઇ ચૂક્યા છે. જેવી રીતે શિકાર કરેલ જાનવર શરીરમાં સમય ગયું હોય. એટલા જ માટે સુકાએલી ડાળી નજદીકથી પસાર થનારને ઝખ્મી કરી દે છે. તેનો કાપ ઝેરી હોય છે. તેના ફેલાવાથી ઉંડા ઝખ્મો ઉત્પન્ન થાય છે. આ ઝખ્મી થએલાને અવાજ તેના ખાટલાથી

દૂર સાંભળી શકાતો નથી. ચારે તરફ ગુનાહોનો ઢોલ ટીપાઇ રહ્યો છે. ક્યાંથી અવાજ સંભળાય?

બીજી તરફ દરિયાનું પાણી ઉપર ચડી રહ્યું છે. બરફ ઓગળી રહ્યો છે. ભારે પૂર તે વસ્તીઓની તરફ આગળ વધી રહ્યું છે. એક ઘણું મોટું તોફાન આવી રહ્યું છે. સર્વસ્વ નાશ પામશે.

અનંત આશાનો અવાજ અલ્લાહની કિતાબથી ઉભરાઇ રહ્યો છે.

નિરાશ ન થાવ, અઝાબ ટળી જશે.

અમ્બીયાઓના વારસદાર અને અલ્લાહની હુજ્જત દુનિયામાં બાકી છે.

એક તરફ ભીડ છે જે ગુનાહોની પરંપરા ચલાવી રહી છે. જ્યારે બીજી તરફ ભયની બીકથી ઘણા નબળા અને કમજોર છે. જેના પગ લથડી રહ્યા છે. થોડા ભયથી ભાગી રહ્યા છે. પરંતુ તેઓના હાથોને લાલચ અને મનોકામનાએ બાંધી રાખ્યા છે. થોડા લોકો હિંમત હારી ગયા છે. હવે ચાલવાની શક્તિ  રહી નથી.

ચકળ વિકળ આંખોથી કોઇ મુક્તિ આપનારનો પગરવ સાંભળવા કાન વ્યાકુળ છે.

ઝેર ફેલાઇ જશે. માનવનતાને કચડી નાખવામાં આવશે. પરેશાનીઓ અને વિકૃત મનોઇચ્છાઓનો કપરો કાળ હશે. (અલ્લાહની નેઅમતોથી) વંચિત લોકો વધુ વંચિત થશે. અને ગરીબો વધુ ગરીબ બનશે. કમજોર વધુ કમજોર બની જશે. વિનાશ સર્જનાર આંધીઓના એંધાણ થઇ રહ્યા છે. અત્યાચારીઓના વંટોળ ઝડપથી આગળ વધી રહ્યા છે. એવું લાગે છે કે ઇતિહાસ પોતાનું પુનરાવર્તન કરી રહ્યો છે. અલ્લાહનો અઝાબ આવશે. દુનિયા અન્યાયના તોફાની ચક્રાવાતમાં ડૂબી જશે. હાતીફ ગયબીએ અવાજ પોકાર્યો..... ખામોશ થઇ જાવ..... ખુદાની મરજીથી નુહ અલયહિસ્સલામના વારસદારે એક વધુ મોટી કિશ્તીની તૈયારી કરી લીધી છે.

તે આ જગતને નવજીવન અર્પણ કરશે. ઇન્નલ્લાહ લા યખ્લેફુલ મીઆદ અલ્લાહ પોતાના વાયદાને ક્યારે પણ ટાળતો નથી.

તેનો વાયદો છે,

(યા મવલાય યા સાહેબુઝ્ઝમાન યબ્ન રસુલિલ્લાહ અદરીકની)

## અર્શે ઇલાહી અને ઝહુરની દોઆની બઝમ

હઝરત ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામની રિવાયત છે :-

''શબે જુમ્આના ખુદાવંદે આલમ એક ફરિશ્તાને દુનિયાના આસમન ઉપર મોકલે છે. જ્યારે સવાર થાય છે ત્યારે આ ફરિશ્તો અર્શ ઉપર બખ્તે મઅમુર ઉપર બેસી જાય છે. હઝરતો મોહમ્મદ સ. અલી, હસન અને હુસયન અલયહિસ્સલામના માટે નૂરના મિમ્બર મુકવામાં આવે છે. આ હઝરતો તે મીમ્બરો ઉપર તશરીફ લઇ જાય છે. ફરિશ્તાઓ, અમ્બીયાઓ અને મોઅમીનો ત્યાં ભેગા થાય છે. આસમાનના દરવાજાઓ ખોલી નાખવામાં આવે છે. જ્યારે સૂરજ ઢળે છે ત્યારે પયગમ્બર સલ્લલ્લાહો અલય્ય વ આલે ખુદાની બારગાહમાં આ રીતે અરજ કરે છે :-

એ ખુદા! તેં કુરઆનમાં વાયદો કર્યો છે તે પૂરો કર. તે વાયદો આ છે :-

''ખુદાએ તે લોકો સાથે વાયદો કર્યો છે જે તમારામાંથી ઇમાન લાવ્યા છે અને સારા કાર્યો કર્યા છે તેમને એક દિવસ જરૂર આ જમીન ઉપર પોતાના ખલીફા નિમશે. જેવી રીતે તમારી પહેલાના લોકોને ખલીફા બનાવવામાં આવ્યા. તેમને આ દીન ઉપર કુદરત આપશે. જેનાથી તે રાજી છે. અને તેમના ભયને સુરક્ષામાં બદલી દેશે.''

તે પછી ફરિશ્તાઓ અને અમ્બીયાઓ પણ આમજ કહેશે. તે પછી મોહમ્મદ સ., અલી, હસન અને હુસયન અલયહિસ્સલામ સિજદામાં માથું રાખી દેશે અને દોઆ કરશે :-

એ ખુદા! ગઝબ નાઝીલ કર. તારી હુરમત બરબાદ કરવામાં આવી, તારા પસંદ કરેલા બંદાઓને કત્લ કરવામાં આવ્યા. તારા બંદાઓને અપમાનિત કરવામાં આવ્યા. ખુદા જે ચાહશે તે કરશે. આ જ રોઝે મઅમુલ છે.

આવો ! આપણે પણ જુમ્આના દિવસે ઝવાલના સમયે જમાનાના ઇમામ અસ્ર અલયહિસ્સલામના માટે દોઆ કરીએ અને આ દોઆની બઝમમાં શામીલ થઇએ.